આ સ્થાનને મેળવો
આપની જાહેરખબર માટે
તદન ઓછા ભાવે...
આજે જ
સંપર્ક કરો...
M:9377124582

|| આય વલો અસાંજો વતન, મૂંજી માતૃભૂમિ કે નમન ||
Fortnightly E-Magazine
વડોદરાના કચ્છીઓનું
# સમાજ-દર્શન
પખવાડિક ઈ-મેગેઝિન
વર્ષ: ૨ • અંક: ૮ • સળંગ અંક: ૩૨ • ૩૧ મે, ૨૦૨૫, શનિવાર • કુલ પાનાં: ૧૦ • કિંમત: નિ:શુલ્ક
Vadodarana Kutchionu Samaj Darshan • Mob: 9377124582 • Email: samajdarshan.mail@gmail.com

આપના મોબાઈલ પર
આ અંકો નિયમિતરૂપે
મેળવવા ગ્રુપ જોઈન
કરવા અહીં ક્લિક કરો.

## ચાલો કાંઈક નવું કરીએ...

વડોદરાના વિવિધ સમાજોની માહિતી એકબીજાને મળે એ આશયથી આ ઇ-મેગેઝીન શરૂ કરેલ ત્યારથી આજ સુધી અનેક લોકો આની સાથે જોડાયા છે.

આપનામાંથી ઘણાં વાચકોને અનુભવ થયો જ હશે કે આ એક સામાન્ય ઇ-મેગેઝીન કરતાં વિશેષ મેગેઝીન છે.

આ પહેલા જ્યારે 'કચ્છ-દર્પણ' શરૂ થયેલ અને ત્યારબાદ 'કચ્છ-અર્પણ'નો પ્રારંભ થયેલ ત્યારે પણ આવો જ કાંઇક અનુભવ થયો હતો. જે કચ્છી ભાષા તથા કચ્છ પ્રેમીઓ હતા તેઓ દેશના ખૂણેખૂણેથી અમારી સાથે જોડાતા ગયા હતા. આજે વર્ષો બાદ એજ પરિસ્થિતી ઊભી થઇ રેહલી દેખાય છે જ્યારે વડોદરાના કચ્છીઓ કરતા બહારગામના વાચકો વધી રહ્યા છે. મુંબઇ, કચ્છ તથા દેશ-દેશાવરમાં 'વડોદરાના કચ્છીઓનું સમાજ-દર્શન' પહોંચી રહ્યું છે અને આપને જણાવતા ગર્વ થાય છે કે આ આંકડો ૧૨-૧૫ હજાર વાચકો જેટલો છે.

જ્યાં જ્યાં કચ્છીઓના વોટસએપ ગ્રુપો છે તેમાં આ ઇ-મેગેઝીન નિયમિત રીતે પહોંચી રહેલ છે અને સરસ આવકાર પામી રહેલ છે. આજે ઇલેક્ટ્રોનિક મિડિયા, વોટસએપ, ફેસ બુક, ટ્વીટર (કે એક્સ)નો જમાનો છે, પરંતુ એની સાથે કયા પ્લેટફોર્મ પર શું મળે છે અને શું વાંચવું એનો સંતોષકારક જવાબ કોઇની પાસે ય નથી.

આવા સમયે 'સમાજ-દર્શન' દિવાદાંડીની જેમ મારગ દેખાડવાનું કાર્ય કરી રહેલ છે એવું અનુભવાય છે. આમ તો આ ઇ-મેગેઝીન બધા સારા લેખો-વાર્તાઓ-પ્રસંગોનું સંકલન જ છે. હા, સાથે સાથે અનેક લેખક મિત્રોની કલમમાંથી નીકળતા 'તાજા' લેખો પણ મળતા રહે છે.

આને કારણે આ ઇ-મેગેઝીન એક સ્વચ્છ-સંસ્કારી-ઇન્ટરેસ્ટીંગ-જ્ઞાનની સાથે મજાનું સાહિત્ય પીરસી રહેલ છે એવું મંતવ્ય જાણકારો પાસેથી મળી રહેલ છે.

આપ સહુને માટે આ મેગેઝીનમાં કંઇક ને કંઇક છે જ. અનેક અંગ્રેજી મિડિયાના લેખોના અનુવાદો અહીં પ્રસ્તુત કરાય છે. અનેક ભાષાની વાતો- વાર્તાઓનો અનુવાદ લખાય છે. આપણાં પોતિકા કચ્છ અને કચ્છીને અનેક સાજ-શણગાર સાથે આપની સમક્ષ મુકાય છે.

બસ જરૂરત છે આપના થોડાક વધુ સાથ-સહકારની. જો આપને અંક ગમ્યો હોય તો તે બાબતે આપના સ્નેહીઓ તથા મિત્રોને જણાવો અને તેમને જોડો. દરેક કચ્છીને આ મેગેઝીનની જાણ થાય એવા અમારા પ્રયત્નોમાં શું તમારો સાથ મળી શકે ?

તમે સાથ આપશો ને...!!!

- નવીન પટેલ

## મારું વડોદરા... પ્યારું વડોદરા...

**વડોદરા વિષે જાણકારી આપતા લેખનો પ્રથમ ભાગ અગાઉના અંકોમાં પ્રકાશિત થયેલ છે. વડોદરા શહેરની વિગતો, તેના ઇતિહાસથી માંડીને વર્તમાન સુધીની વાતો અહીં માણીશું. ત્યારબાદ વડોદરાના કચ્છીઓની વિશેષ વાતો આ પાના પર છપાશે. આપના અનુભવો અમને મોકલશો તો એનો સમાવેશ પણ કરાશે.**

અગાઉના અંકોમાં આપણે વડોદરાનો ઇતિહાસ તથા અહીંના કેટલાક જોવાલાયક સ્થળોની સંક્ષિપ્ત માહિતી મેળવી. હવે જોઇએ આગળ અન્ય સ્થળો તથા વડોદરાના આજુબાજુના અગત્યના સ્થળોની માહિતી...

માંડવી દરવાજો :



માંડવી દરવાજો વડોદરા શહેરના મધ્યબિંદુ પર ઊભો એક મંડપ છે. સંસ્કૃતમાં તેનો અર્થ 'સ્તંભવાળો મંડપ' થાય છે. ગુજરાત સલ્તનત દ્વારા બે માળના મંડપ તરીકે બનાવવામાં આવેલ આ માળખાને બાદમાં તેને ચાર માળ સુધી વિસ્તૃત કરવામાં આવેલ. આ વિશાળ માળખામાં ત્રણ કમાનવાળા દરવાજા અને ટોચ પર એક ગુંબજવાળો ઘડિયાળ ટાવર છે. આ વડોદરાનું એક મહત્વપૂર્ણ જાહેર સ્થળ છે. દરેક તહેવારના તેને રોશનીથી શણગારવામાં આવે છે.

સુર સાગર તળાવ:

વડોદરા શહેરની મધ્યમાં આવેલ આ ૧૮મી સદીના ચંદન તળાવ નું નામ 'સુર સાગર' તેના નિર્માતા સુરેશ્વર દેસાઇના નામ પરથી પડ્યું છે. થોડા વર્ષ પહેલા નિર્માણ પામેલ ભગવાન શિવની ૧૨૦ ફૂટ ઊંચી પ્રતિમા તળાવની મધ્યમાં ઊભી છે. મહા




શિવરાત્રી દરમ્યાન શિવ આરતી જોવા લાયક હોય છે. અહીં બોટિંગ પણ કરાય છે જે હાલમાં સુરક્ષાના કારણે બંધ છે. મહાનગર પાલિકા દ્વારા વડોદરાના બધા તળાવોનું બ્યુટિફિકેશનનું કાર્ય થયા બાદ તેમની રોનક વધી ગઇ છે.

ન્યાય મંદિર:



શહેરની મધ્યમાં આવેલ ન્યાય મંદિર મહારાજા સયાજીરાવ ગાયકવાડ ત્રીજા દ્વારા તેમની પત્ની ચિમનાબાઈની યાદમાં બનાવવામાં આવેલ બાયઝેન્ટાઇન શૈલીનું એક શાનદાર સ્થાપત્ય છે. શરૂઆતમાં અહીં શાકભાજી બજાર ને ત્યારબાદ તેનો ઉપયોગ ટાઉન હોલ તરીકે કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો પણ છેવટે ત્યાં કોર્ટ સ્થાપાતા ૬૦૦૦ ચોરસ મીટરના વિસ્તારમાં ફેલાયેલ આ ઇમારત ન્યાય મંદિર (કોર્ટ) તરીકે વિખ્યાત બની હતી. સુંદર સ્થાપત્ય વૈભવ સાથે મધ્ય હોલમાં મહારાણી ચિમનાબાઇની સફેદ આરસપહાણની પ્રતિમા સહ ઊભેલી આ ઇમારત પુનઃસ્થાપન હેઠળ છે.



આ ભવ્ય ઇમારતની બરોબર સામે આવેલ ત્રણ કમાનવાળો દરવાજો છે જેને લહેરીપુરા ગેટ તરીકે ઓળખવામાં આવે છે. આ દરવાજો ગાયકવાડી રાજની સ્થાપત્ય કળાનો એક સુંદર નમુનો છે અને શહેરના ચાર દરવાજામાંનો એક છે. તેની સામેની બાજુએ આવેલ સુરસાગર તળાવને કારણે સમગ્ર વિસ્તાર એક ભવ્ય

# મારું વડોદરા... પ્યારું વડોદરા...

વિરાસતનો ચિતાર આપે છે.

હજીરા મકબરા:



વડોદરામાં દંતેશ્વર વિસ્તારમાં આવેલ દિલ્હીમાં હુમાયુના મકબરા પછી રચાયેલ, હજીરાનો મકબરો એ કુતુબુદ્દીન મુહમ્મદ ખાનની કબર ધરાવતો મકબરો છે. આ મુઘલ સ્થાપત્યનું એક ઉત્તમ ઉદાહરણ છે. આ મકબરાની દિવાલો પર કુરાનના અરબી લખાણો કોતરેલા છે.

ગાયકવાડ બરોડા ગોલ્ફ ક્લબ:



ગુજરાતની સૌથી જૂની ગોલ્ફ ક્લબ ગાયકવાડ બરોડા ગોલ્ફ ક્લબની સ્થાપના લક્ષ્મી વિલાસ પેલેસ પરિસરમાં રાજ પરિવાર દ્વારા કરવામાં આવી હતી. આ પ્રીમિયમ ગોલ્ફ ક્લબ ભારતનું એકમાત્ર ગોલ્ફ ક્લબ છે જે એક ભવ્ય નિવાસસ્થાનની આસપાસ વિકસેલ જોવાલાયક સ્થળ છે.

આજવા નિમેટા ડેમ ગાર્ડન:



લેન્ડસ્કેપ બગીચાઓથી શણગારેલ આજવા નિમેટા ગાર્ડન ૧૩૦ એકરના વિસ્તારમાં ફેલાયેલ મૈસુરના વૃંદાવન ગાર્ડનની પ્રતિકૃતિ સમાન છે. મનોહર પિકનિક માણવા એક સંપૂર્ણ પર્યટન સ્થળ છે. સાથે અહીંનું મુખ્ય આકર્ષણ સંગીતમય ફુવારા છે જ્યાં શુક્ર થી સોમ સુધી સાંજે લાઇટ એન્ડ સાઉન્ડ શો થાય છે.

વોટર પાર્કસ્:

વડોદરામાં સ્થિત વોટર પાર્કમાંનું એક એસ ક્યુબ વોટરપાર્ક આજવા ગાર્ડન્સની નજીક સ્થિત છે જ્યાં અનેક પ્રકારની રાઇડ્સ અને અન્ય વિવિધ આકર્ષણો છે. પિકનીક સ્પોટ તરીકે આ એક અનોખું સ્થળ છે.



વડોદરામાં સ્થિત અન્ય એક વોટર પાર્ક છે આજવા વોટર પાર્ક જે એક પાણી આધારિત મનોરંજન પાર્ક છે જેમાં પણ અનેક પ્રકારની ૨૨ રાઇડ્સ સાથે મનોરંજનના શોખીનો માટે ઘણાં આકર્ષણો છે. અહીં રેઇન ડાન્સ ફ્લોર પણ છે.



## વડોદરાની આસપાસના જોવાલાયક સ્થળો:

જાંબુઘોડા વન્યજીવન અભયારણ્ય:

વડોદરાથી થોડા અંતરે આવેલ જાંબુઘોડા વન્યજીવન અભયારણ્ય વનસ્પતિ અને પ્રાણીઓની પ્રજાતિઓનું ઘર છે. આ વિસ્તારના મેદાનો લીલાછમ ટેકરીઓથી ઢંકાયેલ છે અને તેનો જંગલ વિસ્તાર મુખ્યત્વે સાગ અને વાંસના વૃક્ષોથી ભરેલો છે.



અહીં ઉડતી ખિસકોલી, રીંછ અને જંગલી બિલાડી સહ અનેક પ્રજાતિઓ રહે છે. સિઝનમાં આ વિવિધ પક્ષીઓની પ્રજાતિઓનું ઘર પણ છે. વડોદરાથી તે ૮૫ કિ.મી. પર પંચમહાલ જિલ્લામાં સ્થિત છે.

નર્મદા નહેર/ સ્ટેચ્યુ ઓફ યુનિટી:






ગુજરાતની જીવનદોરી તરીકે પણ જાણીતી નર્મદા નહેર ગુજરાતમાં સિંચાઈનો મુખ્ય સ્ત્રોત છે. સરદાર સરોવર ડેમ, નર્મદા નહેર તથા વિશાળ સ્ટેચ્યુ ઓફ યુનિટી જોઇને જ આપણી આંખ ઠરી જાય છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની આસપાસ અનેક જોવાલાયક તથા માણવા લાયક અનેક ચીજોનું નિર્માણ થઇ રહેલ છે જે પ્રવાસીઓને આકર્ષિત કરે છે. વડોદરાથી તે ૯૦ કિ.મી. અંતરે છે તથા અહીંનું ઓનલાઇન બુકીંગ પણ થાય છે.

કબીરવડ:

વડોદરા નજીક નર્મદા નદીની મધ્યમાં આવેલ એક નાના પરનું કબીરવડ એક વિશાળ વડનું વૃક્ષ છે. ૩ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલા, વડના ઝાડને સ્થાનિકો દ્વારા પવિત્ર માનવામાં આવે છે. આ ટાપુનું નામ સંત કબીરના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેઓ ઘણા વર્ષ અહીં રહ્યા હતા. અહીં એક સુંદર મંદિર પણ છે જે તેના શાંત ને પવિત્ર વાતાવરણ માટે પ્રખ્યાત છે. વડોદરાથી ૭૫ કિ.મી. દૂર ભરૂચ જિલ્લામાં સ્થિત છે.



(સંદર્ભ : ઇન્ટરનેટ, વડોદરા મ.ન.પા.ની ડાયરી, વિકીપીડીયા)



**લેખકનો પરિચય:** શ્રી યશવંતભાઇ ચાડ એ મુંબઇ સ્થિત કચ્છી ભાટિયા છે. તેઓ વર્ષોથી ક્રિકેટ કંટ્રોલ બોર્ડ ઑફ ક્રિકેટ ઈન ઈન્ડિયા (BCCI) ના ઑફિસીયલ સ્કોરર છે અને પરદા પાછળ રહી અનોખું કામ કરી રહેલ છે. યશવંતભાઈ આજે ૮૦+ ની ઉંમરમાં પણ ખૂબ સક્રિય છે અને આજે પણ સ્કોરર તરીકે અનેક મેચોમાં સેવા આપે છે. તેમના અનુભવો અને રસપ્રદ કિસ્સાઓ આપણા મેગેઝીનમાં આવશે. ક્રિકેટની અનોખી અને અનસુની વાતો આપણને આ લેખોમાં જોવા મળશે.

# ‘કોમેન્ટેટર બોક્ષ’ કે ‘ભાટીયા બોક્ષ’ ?

**ખાસ નોંધ: અગાઉના લેખામાં સુધારો**

યશવંતભાઇ ચાડના અગાઉના લેખમાં એવું લખવામાં આવેલ કે તોફાનને કારણે વાનખેડી સ્ટેડિયમની ટેસ્ટ મેચ પાંચને બદલે છ દિવસની રમાઈ, પરંતુ હકીકતમાંએવું નહોતું. આ ટેસ્ટ મેચ છ દિવસ રમાવાની છે એવું પહેલેથી જ નક્કી કરવામાં આવેલ અને એ વાનખેડે સ્ટેડિયમની પ્રથમ અને ઇતિહાસની પ્રથમ ટેસ્ટ મેચ હતી જે છ દિવસ માટે શિડ્યુલ થઈ હતી.

## ‘કોમેન્ટેટર બોક્ષ’ કે ‘ભાટીયા બોક્ષ’ ?

વાનખેડે સ્ટેડિયમ, મુંબઇમાં ક્રિકેટ મેચો રમવાની શરૂઆત થઇ ત્યારથી વાનખેડેના પેવિલિયન બાજુમાં છેડાને ગરવારે એન્ડ અને સામેના છેડાને ટાટા એન્ડ કહેવાતું. કોમેન્ટ્રી પ્રેસ બોક્સ બધું ગરવારે એન્ડ તરફ હતું જે હવે બધા સામેના વિરુધ્ધ છેડે છે.

હાલમાં એક નહીં, બે નહીં, ત્રણ નહીં, પણ ઘણાં બધા અસંખ્ય... એટલા બધા કોમેન્ટ્રી બોક્સ બનાવવામાં આવ્યા છે જેમાં એક સાથે માંડ બે થી ત્રણ જણ માંડ એક લાઇનમાં બેસી શકે. એની સાથે કોમેન્ટ્રીના ઇલેક્ટ્રોનિક સાધનો વડે જ આખો રૂમ ભરાઇ જાય એટલે કુલ છ થી આઠ માણસો માંડ એક કોમેન્ટ્રી બોક્સમાં બેસી શકે.

પરંતુ શરૂઆતમાં ૧૯૭૫માં ટેસ્ટ રમાયેલ ત્યારે કોમેન્ટ્રી બોક્સ એટલો મોટો હતો કે તમે નહીં માનો પણ ૨૫ થી ૩૦ વ્યક્તિઓનો સમાવેશ તેમાં આરામથી થઇ જતો હતો અને તેમ છતાં ઘણી જગ્યા બચી રહે, ખાલી રહે.

તે વખતે ઓલ ઇન્ડિયા રેડિયોની આકાશવાણી પર ક્રિકેટ મેચની કોમેન્ટ્રી વખતે કોમેન્ટ્રી બોક્સમાં વિજય મર્ચન્ટ, આણંદજીભાઈ ડોસા અને યોર્સ ફેઇથફૂલી યશવંત ચાડ એમ ત્રણ ત્રણ ભાટીયાઓ એક સાથે કોમેન્ટ્રી બોક્સમાં બેસતા એટલે સ્વાભાવિક રીતે જ ક્રિકેટ મેચ દરમિયાન ‘બ્રેક’ના સમયમાં ‘કચ્છી ભાષા’માં શબ્દોની થોડી આપ-લે સ્વભાવિક રીતે સહજતાથી થઇ જતી. કદી કદી તો મેચ ચાલુ હોય ત્યારે પણ અજાણપણે કચ્છીમાં બોલાઇ જવાય.

આથી સાથે બેસતા મશહૂર કોમેન્ટ્રેટર અનંત સેતલવાડ મજાકમાં પૂછતા કે આ ક્રિકેટ મેચ માટેનો ‘કોમેન્ટરી બોક્સ’ છે કે ‘ભાટિયા બોક્સ’ ? અને ભાટિયા બોક્સ બનાવી કોડ લેંગ્વેજમાં બીજાને સમજ ના પડે એવી ભાષામાં કેમ બોલો છો ?

આમ મસ્તી મજાક કરનાર અનંત સેતલવાડ પોતે પણ થોડી ઘણી કચ્છી ભાષા સમજતા અને તેમને મજાક કરવામાં અતિ આનંદ આવતો, તેથી રમુજ અને ઉત્સાહથી આને તમે ‘ભાટિયા બોક્સ’ બનાવી દીધો એમ કહી પોતે પણ કચ્છીમાં બે ચાર શબ્દો બોલી નાખતા.



ભારતના એક અન્ય ક્રિકેટના નામાંકિત સ્ટેટેશીયન (આંકડાશાસ્ત્રી) કચ્છી ભાટિયા આણંદજી ડોસા સાથે યશવંત ચાડ




વડોદરાના બધા કચ્છી સમાજોને
રૂપારેલ પરિવાર તરફથી
હાર્દિક શુભેચ્છાઓ...

કમલેશભાઇ રૂપારેલ
જયભાઇ રૂપારેલ
ખુશ્બુ રૂપારેલ
હિત રૂપારેલ
તથા
સમગ્ર પરિવાર
તરફથી
ખૂબ ખૂબ વધાઇઓ

કચ્છ કોઠારા– વડોદરા

# ભારતીય સિનેમાના ગોલ્ડન વર્ષની ગોલ્ડન જ્યુબિલી




ભારતીય હિન્દી સિનેમા એટલે એક મોટું માર્કેટ અથવા જેને 'ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝ' તરીકે ઓળખવામાં આવે છે તે. દર વર્ષે કરોડોના બજેટ સાથે બનતી સેંકડો ફિલ્મ આવે છે અને જાય છે. કેટલીક ફ્લોપ થાય તો કોઇક સુપરહિટ. પરંતુ આ ફિલ્મ લાઇનનું બ્રેક-ઇવન પોઇન્ટ એટલું નીચું હોય છે કે ફ્લોપ ફિલ્મ બનાવનાર પણ બીજી ફિલ્મ બનાવવાની તૈયારીમાં જ હોય છે. આવી ફિલ્મ ઇન્ડસ્ટ્રીઝનું પચાસ વર્ષ પહેલાનું એટલે કે ઇ.સ. ૧૯૭૫ એક ઉત્કૃષ્ટ વર્ષ હતું. આ વર્ષ ભારતીય રાજકારણ માટે 'ઇમરજન્સી' એટલે કે કટોકટીનું વર્ષ હતું એની સાથે હિન્દી સિનેમા માટે આ વર્ષ એ ક 'ગોલ્ડન વર્ષ' રહ્યું.

આ વર્ષમાં હિન્દી સિનેમામાં સર્જનાત્મકતા ટોચ પર હતી. આ વર્ષ એટલે અભિનયની પ્રતિભાનો સુખદ સંગમ, જાહેર અસંતોષનો અંદાજ કે એવું વર્ષ જેમાં લેખકો-દિગ્દર્શકો જ સાચા સર્જકો હતા એવું હતું. આ વર્ષથી જ જાણે સલીમ-જાવેદ, રમેશ સિપ્પી, યશ ચોપરા, ગુલઝાર, શ્યામ બેનેગલ જેવા નામો તેમના કામથી હિન્દી સિનેમા માટે અમિટ છાપ છોડતા ગયા. એક એવું વર્ષ જ્યારે કોમર્શિયલ સિનેમા તેની ટોચ પર રહ્યું સાથે સમાંતર સિનેમા અને મધ્યમ-સ્તરીય ફિલ્મોનો વિકાસ નજરે ચડ્યો.

ચાલો આને થોડા ઉદાહરણોથી જોઇએ. આ વર્ષમાં શોલે, દીવાર, આંધી અને નિશાંત જેવી યાદગાર ફિલ્મો સાથે ચુપકે ચુપકે, મિલી, જુલી, છોટી સી બાત, જય સંતોષી મા પણ આ વર્ષે થિયેટરોમાં આવી. જે પચાસ વર્ષ પછી પણ લોકોની યાદોમાં જીવંત છે. દરેક ફિલ્મ વિવિધ શૈલી અને મૂડમાં ક્લાસિક છે.

શોલે અને દીવારે અમિતાભ બચ્ચનની ક્રોધિત યુવાન છબીને મજબૂત બનાવી તો આંધીએ પ્રેમનો કવિતાત્મક વિલાપ દર્શાવ્યો અને નિશાંતમાં ગ્રામીણ ભારતમાં સામંતવાદનો ગુસ્સો દેખાયો.

પ્રતિભાનો સુખદ સંગમ, ઉકળતા જાહેર અસંતોષનો અંદાજ કે પછી ફક્ત એવો સમય જ્યારે લેખકો-દિગ્દર્શકો સાચા સર્જકો હતા? ખરેખર, ૧૯૭૫ આ બધું હતું.

એક તરફ દીવાર જેવી તીવ્ર એક્શન ડ્રામાવાળી, શોલે જેવી કોમિક બુક સ્ટોરી પ્રકારની. આંધી જેવી રાજકીય સંદર્ભમાં સંબંધોને ઉજાગર કરતી ફિલ્મો આવી. ચુપકે ચુપકેમાં રોજિંદા રમૂજની સાથે સાહિત્યિક ભાષા હતી, આંધી પછી ક્યારેય રાજકીય પ્રેમકથા બની નથી. અમિતાભ બચ્ચને દીવાર, શોલે, ચુપકે ચુપકે અને મિલીમાં કેટલી નોંધપાત્ર વિવિધતા દર્શાવી. તે તેમના સ્ટારડમના ૫૦ વર્ષની ઉજવણી પણ છે. કોઇ સુપરસ્ટારે આટલા વર્ષો સુધી રાજ કર્યું નથી.

૪૦ના દાયકામાં પાપા પગલી ભરનાર સિનેમા દોડવા લાગ્યું. ૫૦ના દાયકામાં ફિલ્મોમાં રાષ્ટ્ર નિર્માણની વાર્તાઓ આવતી પછી ૬૦ના દાયકામાં ઘર પરિવાર દર્શાવતી સામાજીક ફિલ્મો વધુ ચાલી. ૭૦નો દાયકામાં અનેક નાટકીય તત્વો તેમાં ઉમેરાયા, રાજ કપૂરથી રાજેશ ખન્ના સુધી યાદગાર કલાકારો આવ્યા. ૮૦ના દાયકાથી હિન્દી સિનેમાનો અંધકાર યુગ હટ્યો અને તેની શરૂઆત ૧૯૭૫માં થઇ એમ કહી શકાય. હિન્દી ફિલ્મોની એક મહાન યાદી માટે ૨૦૨૫ એ સુવર્ણ જયંતિ વર્ષ છે.

ભારતના રાજકીય અને સાંસ્કૃતિક ઇતિહાસના સમયરેખા પર પણ ૧૯૭૫નું વર્ષ પોતાને અલગ પાડે છે. આજે ૨૦૨૫ માં અડધી સદી પછી પણ, ૧૯૭૫નું વર્ષ હિન્દી સિનેમા માટે યાદ કરવામાં આવે છે.

સંકલનઃ ઇન્ટરનેટ તથા વિવિધ અખબારોના લેખો પરથી

---

વડોદરાના કચ્છી સમાજોના વિવિધ પરિક્ષાઓમાં સફળ થયેલ વિદ્યાર્થીઓને

## ખૂબ ખૂબ અભિનંદન



**ચિ. પ્રિયા વિનોદભાઈ લુહાર**
(કચ્છ ગામઃ નેત્રા)
ધોઃ ૧૦માં ૯૧.૪૩% (પર્સેન્ટાઇલ) માર્કસ મેળવી
તેમણે તેમના પરિવાર તથા શ્રી કચ્છી લુહાર સમાજને ગૌરવ અપાવેલ છે.



**ચિ. ધૈર્ય વર્ધમાનભાઈ નાગડા**
(કચ્છ ગામઃ નલિયા)
ધોઃ ૧૦માં ૭૧.૪૮% (પર્સેન્ટાઇલ) માર્કસ મેળવી
તેમણે તેમના પરિવાર તથા શ્રી કચ્છી દશા ઓસવાલ સમાજને ગૌરવ અપાવેલ છે.



**ચિ. ક્રિષ્ના રાજુલ અમીત મોમાયા**
(કચ્છ ગામઃ સાંચરા)
ધોઃ 12th CBSE માં ૮૮.૮૮% (પર્સેન્ટાઇલ) માર્કસ મેળવી
તેમણે તેમના પરિવાર તથા શ્રી કચ્છી દશા ઓસવાલ સમાજને ગૌરવ અપાવેલ છે.

અહીં વડોદરામાં વસતા કચ્છી સમાજોના **S.S.C.** તથા તેની ઉપરની પરિક્ષાઓમાં હાલમાં સફળતા પ્રાપ્ત કરતા વિદ્યાર્થીઓની માહિતી ફોટા સહ નિઃશુલ્ક છાપવામાં આવે છે. સંપર્ક : ***9377124582***

શું આપ જાણો છો કે આ ઈ-મેગેઝીન વડોદરા ઉપરાંત ભારતભરના ૧૦,૦૦૦ ઉપરાંત વ્યક્તિઓ સુધી વિવિધ **WhatsApp** ગ્રુપોના માધ્યમથી પહોંચી રહેલ છે તથા વેબસાઈટ દ્વારા અનેક લોકો તેને ડાઉનલોડ કરી રહેલ છે !! આપના મિત્રોને આજે જ સામેલ કરો અને કચ્છીયતને ઉજાગર કરો.

ભારતીય પરંપરા મુજબ મહત્વપૂર્ણ કાર્યો જેવા કે ભૂમિપૂજન, જમીન ખનન, કૂવા ખનન, શિલાન્યાસ, ગૃહપ્રવેશ જેવા પ્રસંગે વાસ્તુદેવની પૂજા કરાય છે. અહીં વાસ્તુ શાસ્ત્રની દૃષ્ટિએ નિષ્ણાતો દ્વારા ઉપલબ્ધ વિવિધ નિયમોની માહિતી આપીશું. 'વાસ્તુ શાસ્ત્ર' મોટે ભાગે આપણાં વસવાટ તથા વહેવારના સ્થાનોમાં 'વસ્તુઓ' ક્યાં ગોઠવવી તે દર્શાવે છે. આશા છે અત્રે આપવામાં આવતી માહિતી આપને ઉપયોગી નિવડશે. વાસ્તુ શાસ્ત્રને સમજવા દિશાનું જ્ઞાન હોવું જરૂરી છે તેથી ચારે દિશા - પૂર્વ (East), પશ્ચિમ (West), ઉત્તર (North) તથા દક્ષિણ (South) અને ચારે ખૂણા એટલે કે ઇશાન (NE), અગ્નિ (SE), નૈઋત્ય (SW) ને વાયવ્ય (NW) હોકાયંત્રની મદદથી માપીને વાસ્તુશાસ્ત્રને અપનાવવું જોઇએ.

## રસોડાના બેઝિક નિયમો

પરિવારમાં સુખ-શાંતિ જાળવી રાખવા માટે રસોડાના કેટલાક બેઝિક નિયમો અપનાવી લઇએ તો ઘણાં ફાયદા થાય છે. ઘણી વખત નાની બાબતોને ન ગણકારીને આપણે અનેક નકારાત્મક ઉર્જા ઉત્પન્ન કરીએ છીએ તેનાથી બચી શકાય છે.









રસોડામાં રેફ્રિજરેટરને દક્ષિણ-પશ્ચિમ દિશામાં રાખવું સૌથી યોગ્ય માનવામાં આવે છે. તેનાથી રસોડામાં સુખ અને સંવાદિતા વધી શકે છે.

જો તમે રસોડામાં જ અનાજનો સંગ્રહ કરો છો અથવા અન્ય ખાદ્યપદાર્થોનો મુકો છો તો તેમને દક્ષિણ-પશ્ચિમ દિશામાં રાખવાથી તમારા ભંડાર હંમેશા ભરેલા જ રહેશે. ઘરમાં રાખવામાં આવેલ અનાજ સુખ, સમૃદ્ધિ અને ધનને આકર્ષિત કરે છે.

જો નવું ઘર બનાવતા હો નિષ્ણાતોનું માનવું છે કે રસોડાની દિશા વાસ્તુ અનુસાર નક્કી કરવામાં આવે તો ઘરમાં સકારાત્મક ઉર્જાનો વાસ રહે છે. ઘરમાં પૃથ્વી, આકાશ, વાયુ, અગ્નિ અને પાણીના પંચ તત્વોનું યોગ્ય સંતુલન હોવું જરૂરી છે.

અગ્નિ સ્ત્રોતોનું સ્થાન દક્ષિણ-પૂર્વ દિશામાં હોવું જોઇએ.એટલે કે રસોડાનું સ્થાન ઘરના દક્ષિણ-પૂર્વ ખૂણામાં હોવું જોઇએ. ઉપરાંત રસોઈ કરતી વખતે તમારું મુખ પૂર્વ તરફ આવે એ રીતે વ્યવસ્થા હોવી જોઇએ.

રસોડામાં હંમેશા દક્ષિણ-પૂર્વ દિશામાં સ્ટોવ રાખવો જરૂરી છે કારણ કે આ દિશા અગ્નિ માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.

સારા સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ માટે સારું, યોગ્ય જગ્યા ધરાવતું અને વ્યવસ્થિત રસોડું જરૂરી છે.

રસોડામાં બારીઓ હોવી જોઈએ અને રસોડું સારી રીતે વેન્ટિલેટેડ હોવું જોઇએ તેમાં પૂરતી લાઇટિંગ હોવી જરૂરી છે.

પીવાના પાણી અને વાસણો માટેના ઉપકરણો પણ રસોડામાં યોગ્ય દિશામાં વાસ્તુ દ્વારા સૂચવ્યા મુજબ રાખવા જોઇએ.


રસોડામાં પીવાના પાણીના સ્ત્રોત મૂકવા માટે ઘરના ઇશાન (ઉત્તર-પૂર્વ) અથવા ઉત્તર ખૂણાની ભલામણ કરવામાં આવે છે. જો ઉત્તર અને ઇશાન ઉપલબ્ધ ન હોય તો તેમને પૂર્વ ખૂણામાં પણ મૂકી શકાય છે.

વાસ્તુ અનુસાર રસોડું હંમેશા વ્યવસ્થિત રાખવું જોઇએ. અવ્યવસ્થિત રસોડું ગૃહિણીઓના રોજીંદા જીવનમાં અરાજકતા પેદા કરે છે. રસોડાના દક્ષિણ અથવા પશ્ચિમ ખૂણામાં એક કેબિનેટમાં બધા વાસણો સરસ રીતે ગોઠવી શકો તો ઉત્તમ છે.

રસોડામાં ઇલેક્ટ્રિક સાધનો માટે સૌથી સારી દિશા દક્ષિણ-પૂર્વ (અગ્નિ ખૂણો) છે. ઇશાન ખૂણા (ઉત્તર-પૂર્વ)માં ઇલેક્ટ્રીક સાધનો રાખવાથી બચવું જોઇએ કેમ કે તેનાથી ઉપકરણોમાં ખામી સર્જાઇ શકે છે.

## યોગ ભગાવે રોગ

**ઓરીજીનલ યોગના આસનો શીખો આસાન રીતે** (દામુ શુક્લના પુસ્તકમાંથી સાભાર)



### દઢાસન

આ પણ એક આરામનું આસન છે. પાસું ફેરવવાનું મન થાય છતાં મનને દઢ રાખી યોગીઓ આ આસન ઉપર સૂએ છે તેથી તેને દઢાસન કહે છે.

ચત્તા સૂઈ જાઓ. થોડી સેકન્ડ પછી ડાબે પડખે વળો. ડાબા હાથને કોણીથી વાળી માથાની નીચે રાખે અને જમણા હાથને લાંબો કરી સાથળ ઉપર મૂકો. પગને લાંબા કરો અને આરામથી કોઈપણ અવયવને પીડા ન થાય એવી રીતે સૂઈ જાઓ એટલે દઢાસન થશે.

યોગસાધક સાધારણ રીતે આ આસન ઉપર જ સૂએ છે. એને માટે થોડો સમય આપીએ તો પણ શરીરને વધારે સમયમાં મળે એટલો આરામ મળે છે. સ્વપ્ન ઓછાં થઇ જાય છે, રોગ બહુ થતા નથી અને પાચનશક્તિ સારું કાર્ય કરે છે. આ આસન કર્યા પછી શવાસન પણ કરી શકાય.

રોગથી અથવા બીજા કોઈ કારણથી શરીર અશક્ત બન્યું હોય અને અન્ય કોઇ આસન કરતાં મુશ્કેલી અનુભવાય તો દઢાસનનો પ્રયોગ કરી જોવો.

ડાબે પડખે આરામથી સૂઈ રહ્યા બાદ હવે જમણા હાથની મૂઠી વાળો અને એને કોણીમાંથી વાળ્યા વગર ધીમેધીમે માથાની ઉપર જેટલે લઇ જવાય એટલે લઇ જાઓ. તે વખતે જેટલો શ્વાસ લેવાય તેટલો ધીમેધીમે લો. હવે હાથને પાછો લેવો અને સાથળ ઉપર હતો ત્યાં ને ત્યાં મૂકો. હાથને પાછો લેવો ત્યારે શ્વાસ ધીમેધીમે બહાર કાઢો. આ પ્રમાણે થાક ન લાગી જાય ત્યાં સુધી કરો. પછી જમણે પડખે સૂઈ જઈ ડાબા હાથને એ પ્રમાણે લાવો ને લઇ જાઓ.

આ આસન નિયમિત રીતે કરવાથી ઊંઘ સારી આવે છે, વ્યાકુળતા ઓછી થાય છે અને શરીર તથા મન પ્રફૂલ્લિત બનતા જાય છે.

આસનોનો વ્યાયામ ચાલતો હોય તે સમય દરમિયાન ખૂબ ચાવીને ખાવાનો, મુખનો અમીરસ જેટલો વધારે ભેળવાય તેટલો ખોરાકમાં ભેળવવાનો આગ્રહ રાખવામાં આવે તો શરીર ખૂબ જલદીથી સશક્ત અને નિરોગી બને છે.

વડોદરાના કચ્છીઓનું સમાજ-દર્શન
કચ્છી સાહિત્ય તથા કચ્છની અનોખી માહિતી સાથે ગુજરાતીમાં સંસ્કારી સાહિત્યની સિલેક્ટેડ કૃતિઓનો અદભૂત ખજાનો

આપના મોબાઈલ પર નિયમિત ધોરણે અંકો મેળવવા અહીં ક્લિક કરો

## ટચૂકડી જા.ખ.ના RATES

પ્રથમ ૨૦ શબ્દોના રૂ.૧૦૦ (ફિક્સ)ગણાશે. Englishના shortform ને આખો શબ્દ ગણવામાં આવશે. (2 BHK એટલે ૨ નહીં પણ ૪ શબ્દ) હેડીંગના રૂ. ૧૦/- એકસ્ટ્રા થશે. ૨૦ શબ્દ પછીના વધારાના શબ્દ દીઠ રૂ. ૩/-

જાહેરખબર દર મહિનાની ૧૦મી તથા ૨૫મી તારીખ સુધી જ મોકલવી. જાહેરાતનું લખાણ whatsApp No. 9377124582 પર કે samajdarshan.mail@gmail.com પર મોકલવું. પેમેન્ટ GPay, PhonePe, Paytm પર કે UPI id: npbaroda@icici પર પણ મોકલાવી શકો છો.

## BOX

**Advertise Rate**

DISPLAY BOX
Size : 82 x 72 mm
Rate: 200/-
(For 6 Mo./ 12 Ads.
Rs. 1000/- and
For 12 Mo./ 24 Ads.
Rs. 1900/- only)
ONLY TEXT MATTER, LOGO ETC. WILL BE XTRA
DIFFERENT MATTER CAN BE SET FOR DFFERENT ADVTS.

This E-Magazine is edited & published by Navin Patel of Vee Kraft at D/116, Vallabh Vihar Complex, Nr. Mahavir Hall, Ajwa Road, Vadodara 390019, GUJ for Mrs. V. N. Patel, owner & residing at same address as above.

આ અખબારમાં પ્રગટ થતી જાહેરાત બાબતે પેમેન્ટ મોકલતા પહેલા, કોઈ પ્રકારના કરાર પહેલા અમારી સાથે પૂછપરછ કરવી. અહીં આવતી કોઇપણ પ્રોડકટ કે સર્વિસીસ વિશે જે દાવો કરવામાં આવે છે તે વિશે જે તે જાહેરાત આપનાર જવાબદાર છે અને કોઇપણ બાબત માટે આ E-magazine 'વડોદરાનું કચ્છીઓનું સમાજ દર્શન' ના માલિક, તંત્રી કે પ્રકાશક જવાબદાર નહીં ગણાય.

*Zalak Maheshwari*
M :9662 42 41 40

VARIANT Cooking & Baking Classes

*New Vision & New Varieties*



*B-318, Neelkanth Palace, Opp. Seema Hall, 100 Feet Road,Satelite, Ahmedabad - 380015*
*Website : www.variantclass.in*
*Email: variantclass@gmail.com*



*Varsha Patel*
*M: 9426326389*

SINCE 1995
VARIANT COOKING CLASSES

*Certificate Course*

*A Culinary Art Class*
*Regd. with DIC, Vadodara*
*(Govt. of Gujarat)*

D/116, Vallabh Vihar-B,
Near Mahavir Hall,
Ajwa Raod, Vadodara - 390019.
Website: www.variantclass.in
Email: variantclass@gmail.com

વડોદરાના કચ્છીઓનું
# સમાજ-દર્શન
**મલ્ટી કલર ડીજીટલ જાહેરખબર**

આખા પાનાની જાહેરાત ફક્ત રૂ. ૭૯૨/- માં*
અડધા પાનાની જાહેરાત ફક્ત રૂ. ૩૯૬/- માં*
પા પાનાની જાહેરાત ફક્ત રૂ. ૧૮૮/- માં*
*(૧ વર્ષ = ૨૪ અંક માટેના ૧ જાહેરાતના ભાવ)

## ધંધાકીય

આપ કોઇપણ પ્રકારના અન્ય ધંધા કે દુકાન ધરાવતા હો કે કોઇ આઇટેમનું માર્કેટિંગ કરતા હો તો આપના ધંધાકીય વિકાસ માટે આપની જાહેરાત આપો અને વડોદરાના કચ્છીઓને તેની જાણ કરો. અમને ખાત્રી છે આપના આ કાર્યમાં સહાયતા મળશે.

## વડોદરામાં ફ્લેટ વેચવાનો છે

મહાવીર હોલ નજીક, આજવા રોડના શાંત વિસ્તારમાં 2 BHK સેમી ફર્નીશ્ડ, A/C, Fridge, નાનું કબાટ, દિવાન વિગેરે સાથે, ૩જા માળે, લિફ્ટ નથી, હાલમાં રીનોવેટ કરાવેલ વેલ મેઈન્ટેડ ફ્લેટ, ફક્ત ૧૬ લાખમાં, તુરંત કબજો, ૭૫૦ કારપેટ, ૨૪ કલાક પાણી, મેઈન રોડ ટચ. 2 WC-Bathroom, Vitrified Tiles, Granite Kitchen, Some Fixed Furniture, સ્કુલ, દેરાસર, હવેલી, મંદિર, હોસ્પીટલ, શાક માર્કેટ નજીક. Airport 5, Station 7, NH8 bypass 3 km. **CALL : 9377124582**

## કચ્છ અને કચ્છીયતના બે સુંદર સાહિત્યિક સામાયિકો

### કચ્છ-અર્પણ
કચ્છીઓને સમર્પિત દ્વિમાસિક

**Advt.Tariff for E Magazine**
**'Kutch-Arpan'**
*(bimonthly e-magazine)*

| | 1 Month | 1 YEAR |
|---|---|---|
| FULL PAGE | 2,000 | 10,000 |
| HALF PAGE | 1,000 | 5,000 |
| QTR. PAGE | 500 | 2,500 |
| DISPLAY AD | | 1,000 |

### વડોદરાના કચ્છીઓનું સમાજ-દર્શન
એક મજાનું પખવાડિક
દર મહિનાના ૨જા ને ૪થા શનિવારે

**SPECIAL OFFER For Advt.**
*(2 ISSUES PER MONTH)*
*(50% Off + Extra Discounts)*

| | 6 Months | 12 Months |
|---|---|---|
| FULL PAGE (2000 per advt) | 10,000 | 18,000 |
| HALF PAGE (1000 per advt) | 5,000 | 9,500 |
| QTR. PAGE (500 per advt) | 2,400 | 4,500 |
| DISPLAY Ad (250 per advt) | 1,000 | 1,800 |

વાચક વર્ગ 10,000 + ઉપરાંત છે...જાહેરાતના ભાવ અન્ય કરતા સાવ ઓછા...
મેગેઝીનની ક્વોલિટી 4.6 + *rated on E- survey*
સુંદર સાત્વિક સાહિત્યનો ખજાનો... અમારા આ મેગેઝીનો...

## Color Advertisement Rates :

Front Page Premium Rates : Rs. 3000 (FULL PAGE ONLY)

| INSIDE PAGES | RATES (Rs.) | SIZE (in cms.) |
|---|---|---|
| FULL PAGE | 2000 | 25 (W) x 31 (H) |
| HALF PAGE | 1000 | 25 (W) x 15 (H) |
| QUARTER PAGE | 500 | 12 (W) x 15 (H) |
| DISPLAY BOX | 300 | 8.2 (W) x 7.2 (H) |

*(Design charges : Full page Rs. 300/-, Half page Rs. 250/-, Qtr. page Rs. 200/-)*

સમાજની જાહેરખબર, અવસાન કે પ્રાર્થના કે શ્રદ્ધાંજલી જાહેરખબર પર ૫૦% ડિસ્કાઉન્ટ

કચ્છી લોકસાહિત્યની કથા: ૨૦

લેખક - દુલેરાય કારાણીના પુસ્તક 'કચ્છની રસધાર'માંથી સાભાર

# ભારતના આદ્ય ક્રાંતિવીર કચ્છના પંડિત શ્યામજી કૃષ્ણવર્મા

ભારતમાં જ્યારે આઝાદીનું પહેલું કિરણ પ્રગટ્યું ત્યારે ઇ.સ. ૧૮૫૭ની સાલે ઓક્ટોબરની ચોથી તારીખે કચ્છના માંડવી બંદરમાં એક ક્રાંતિવીરનો જન્મ થયો. આ ક્રાંતિકારી યોદ્ધો તે પંડિત શ્યામજી કૃષ્ણવર્મા. દુનિયાના અંધારા ખૂણામાં પડેલા એક પ્રદેશના ગરીબ કુટુંબમાં જન્મેલ નાનો માણસ પોતાની બુદ્ધિના પ્રભાવ વડે કેટલો આગળ વધી શકે છે તેનું આ જીવંત દષ્ટાંત છે.

ભારતના નકશામાં જોતાં ભારત માતાના ખોળામાં જાણે એક બાળક પોઢેલું હોય એવા કચ્છડાના એક ભણશાળી કુટુંબમાં એનો જન્મ થયો હતો. માંડવીમાં જ એની બાલ્યાવસ્થાનો સમય પસાર થયો હતો. દશ વર્ષની ઉંમરમાં જ માતાનું સુખ તો કુદરતે ઝૂંટવી લીધું હતું. માતાનો સ્વર્ગવાસ થતાં બાલ્યકાળમાં જ પંડિતજી માતાવિહોણા 'નમાયા' બની ગયા હતા.

પિતાનું નામ ભૂલાભાઈ. પિતાની આર્થિક સ્થિતિ પણ જેવી જોઇએ તેવી સારી ન હતી. આર્થિક મુશ્કેલીઓ વેઠીને એમના પિતા મુંબઇમાં કામકાજ કરી રહ્યા હતા. ત્યાં જીવન નિર્વાહનાં સાધનો પણ તે મહામુસીબતે મેળવી શકતા. આવી પરિસ્થિતિમાં પંડિતજીના જીવનવિકાસ તરફ દષ્ટિ પણ કોણ કરે? સદઅભાગ્યે પંડિતજીની માસીના મનમાં ઇશ્વર વસ્યો ને પંડિતજીના અભ્યાસનું કામ તેણે માથે લીધું. માંડવીમાં એમણે ગુજરાતી ભાષા અને અંગ્રેજી ત્રીજા ધોરણનો અભ્યાસ પૂરો કર્યો.

એ વખતે મુંબઈમાં મથુરદાસ લવજી નામે એક સેવાભાવી ભાટિયા ગૃહસ્થ હતા. એના સાંભળવામાં આવ્યું કે શ્યામજી નામે એક બુદ્ધિમાન વિદ્યાર્થી માંડવીમાં અભ્યાસ કરી રહ્યો છે. પણ જીવનની પ્રગતિ સાધવા માટે કોઈ સાધન નથી. આ વિદ્યાર્થીને જો યોગ્ય દિશામાં દોરવણી આપવામાં આવે તો તે ખૂબ આગળ નીકળે શકે એવી એની બુદ્ધિમત્તા છે. આ વાત જાણીને મથુરાદાસ શેઠે એને મુંબઈ બોલાવી લીધો અને એના શિક્ષણ વગેરેની તમામ વ્યવસ્થા કરી દીધી. અહીં આવીને પંડિતજીએ એમની શાળામાં તેમનું નામ ચમકાવી દીધું. એમની સ્મરણશક્તિ અદભૂત હતી. કોઇ ઉચ્ચ સંસ્કારોના પ્રતાપે વિદ્યા પ્રાપ્ત કરવા માટે એમના અંતરમાં અદમ્ય ઇચ્છા જાગી ઊઠી. રાત-દિવસ તે અભ્યાસમાં જ રચ્યાપચ્યા રહેતા. એમનો સંસ્કૃતનો અભ્યાસ તો હરણફાળે આગળ વધવા લાગ્યો. સંસ્કૃત સાથે અંગ્રેજી ભાષાને હસ્તગત કરી લેવા મંડી પડ્યા અને મુંબઈની વિલ્સન હાઈસ્કૂલમાં દાખલ થયા.

મુંબઈમાં છબીલદાસ લલ્લુભાઇ નામક સેવાભાવી સદ્દગૃહસ્થ હતા. એમનો પુત્ર રામદાસ શ્યામજી સાથે શાળામાં અભ્યાસ કરી રહ્યો હતો. શ્યામજીની યાદશક્તિ ને વિદ્યાપ્રેમ જોઇ રામદાસ તો તેનો મિત્ર બની ગયો. ત્યારથી એમના ઘરમાં શ્યામજીની આવજાવન શરૂ થઈ. છબીલદાસ શેઠે શ્યામજીમાં રહેલી શક્તિ, ચતુરાઇ અને બુદ્ધિ પ્રતિભા જોઇ અને શ્યામજી તરફ તેમનો પ્રેમ વધતો ગયો. પરિણામ એ આવ્યું કે છબીલદાસ શેઠે પોતાની પુત્રી ભાનુમતીનાં લગ્ન શ્યામજી સાથે કરી દીધાં.

એ જ અરસામાં સ્વામી દયાનંદના 'સત્યાર્થ પ્રકાશ'નો ડંકો ભારતભરમાં વાગી રહ્યો હતો. સત્ય સંશોધનનાં સ્વામીજીનાં પ્રવચનો એક નવી જ હવા ફેલાવી રહ્યા. સ્વામીજીના આદર્શ ચારિત્ર્ય, બુદ્ધિચાતુર્યે અને એમના ક્રાંતિકારી સત્યનાં શબ્દ બાણોએ ભારતમાં નૂતન પ્રવાહ વહેતો કરી દીધો. ભારતની જનતા એમના નવા વિચારોને ઝીલવા લાગી હતી.

સન ૧૮૭૯માં પંડિત શ્યામજીએ સ્વામી દયાનંદની મુલાકાત લીધી. દયાનંદના વાણીપ્રવાહે પંડિતજી પર ભારે અસર કરી હતી. સ્વામી દયાનંદ સંસ્કૃત ભાષાના મહાન જાણકાર હતા. સંસ્કૃત પર તેમનો અજબ કાબૂ જોઇ પંડિતજી આકર્ષાયા અને એમણે આર્ય સમાજની દીક્ષા લીધી.

શ્યામજીની ઉત્કટ ઇચ્છા હતી ઇંગ્લેંડ જઈને વિશેષ અભ્યાસ કરવાની. આ સમયે ઑક્સફર્ડ યુનિવર્સિટીના સંસ્કૃત ભાષાના અધ્યક્ષ મોનિયર વિલિયમ્સ ભારતમાં આવ્યા હતા. એમનો સ્વામીજીને પરિચય થયો. સંસ્કૃત ભાષા પર સ્વામીજીનો કાબૂ જોઇ તે મુગ્ધ બની ગયા. ઑક્સફર્ડ યુનિ.માં સ્થાન આપવાની ઇચ્છા એમણે શ્યામજી પાસે વ્યક્ત કરી. શ્યામજીને તો જોઇતું હતું ને વૈદે બતાવ્યા જેવું થયું. અચાનક આવો સુયોગ મળી જવાથી તે ખુશ થઇ ગયા અને તેમના આમંત્રણનો સહર્ષ સ્વીકાર કર્યો.

અનેક મુશ્કેલીઓ હોવા છતાં સન ૧૮૭૯માં શ્યામજી વિલાયત જવા ઊપડ્યા. ઓક્સફર્ડની બેલિયલ કોલેજના એ મદદનીશ સંસ્કૃત પ્રોફેસર તરીકે નિમાયા. ત્યાંના કામની સાથે અંગ્રેજીનો અભ્યાસ પણ આગળ વધારવા માંડ્યો. ઑક્સફર્ડથી એમ.એ. અને ઈનર ટેમ્પલથી બેરિસ્ટરની પરીક્ષા પસાર કરવાની સાથે લેટિન ભાષામાં પણ ઊંચે નંબરે ઉત્તીર્ણ થયા. ફક્ત એક વર્ષના અભ્યાસથી એમણે આ સફળતાઓ મેળવી હતી. ત્યાર બાદ ગ્રીક અને યુરોપની અન્ય ભાષાઓની એમણે ખપપૂરતી માહિતી પણ મેળવી લીધી. ન્યાયશાસ્ત્ર, અર્થશાસ્ત્ર તથા અસલ ગ્રીક ભાષામાં લખાયેલું બાઇબલ ભણીને તેની બીજી પરીક્ષા પણ પસાર કરી. બેલિયલ કોલેજમાં ગુજરાતી, મરાઠી અને સંસ્કૃત ભાષાનાં પ્રવચનો કરનાર તરીકેની એમની કીર્તિ અને ખ્યાતિ વધતી જતી હતી.

સને ૧૮૮૧માં પૂર્વ દેશની વિદ્યાના પંડિતોની જર્મનીના બર્લિનમાં કોંગ્રેસ ભરાઈ હતી. આ કોંગ્રેસમાં તે નેટિવ ઇન્ડિયન ડેલિગેટ નિમાયા. એ વખતે પંડિતજીએ 'સંસ્કૃત હિંદભૂમિમાં એક સમયે જીવંત ભાષા હતી.' એ વિષય પર અંગ્રેજીમાં નિબંધ રજૂ કર્યો. આ નિબંધે તમામ ડેલિગેટોનાં હૃદયમાં અગ્રસ્થાન મેળવ્યું. કોંગ્રેસના રિપોર્ટમાં પણ આ નિબંધ દાખલ કરવામાં આવ્યો.

ઇંગ્લેન્ડના ત્યારના પ્રખ્યાત રાજદ્વારી ગ્લાડસ્ટને પંડિતજીને પોતાના નીજી બંગલામાં બોલાવીને એમની મુલાકાત લીધી હતી. ત્યાંની સુવિખ્યાત ઍમ્પાયર ક્લબના ઓનરરી મેમ્બર તરીકેનું માન પણ પંડિતજીને મળ્યું. લોર્ડ ડફરીન હિંદુસ્તાનના વાઈસરોય નિમાયા તે પહેલાં આ ક્લબમાં આમંત્રણ તેઓની મુલાકાત પંડિતજીની સાથે થઇ. આ મુલાકાતે લોર્ડ ડફરીન પર જાદુઈ અસર કરી અને ત્યારથી લોર્ડ ડફરીન પંડિતજીના જાની મિત્ર બની ગયા.

(વધુ આવતા અંકમાં...)

કચ્છી કવિતા

## પૂજા

મું ભગવાનજી
પૂજા કિઈતે તડેં
ફુલ ચડ઼ાઈંધે ચડ઼ાઈંધે
હિકડ઼ો ફુલ
પટતેં છણી પેઓ.
પટતેં છણેલો ફુલ
ભગવાનતેં ચડ઼ે ન.
તડેં ઉન ફુલકે ખણીને
મું પરેઆ ફગાયો !
તેંભેરો જ
ફુલ ચીસ વિજી ચેં
હે.. હે.. હે.. 'તેજ' !
હી તું કુરોતો કરીએં ?
છણેલેંજો તાં પહેલો ઉધાર કેઓ ખપે !
નેં મું પણ તેરઈ
ઉન ફુલકે પટતા ખણીને
ભગવાનજે હથેંમેં રખી ડિનું !!

કવિ તેજપાલ ધારશી 'તેજ'ના પુસ્તક 'વિરાંઢ'માંથી

## આબર (પ્રોત્સાહન)

મનજા નબડ઼ા ક મનસે ઢીલાઢસ,
ધિલાસો ડિઈ બર બધાયતી આબર.

વાહ! ચિઈ થાબડ઼ી નેર્યો કેંકજી પુઠ,
ભટકંધલકે આંગર જલાયતી આબર.

હાલકડોલક થીંધા વેં જિત મનમેડ઼,
મનકે ધકો ડિઈ ઘર વસાયતી આબર.

જટીલ રોગેંસેં રોજેરોજ પનારો,
અધોઅધ ડાગધર ભનાયતી આબર.

કલઈ કઈંધલ ભુટકે પ્યાં હલંધેચલંધે,
હાલતજો સ્વીકાર સિખાયતી આબર.

'કેતુ', લિકલ વે આંધરેમેં કિતક ભિનાસ,
કલા કે ઓડ઼ખી કધર કરાયતી આબર.

- કેતના છેડા 'કેતુ'

## કાગડી જા ઇના

કાગડ઼ી ચેં જે પાંજે માડ઼ે મેં
હંમેશા કેર ઇના રખીતો વને ?
હી ઇના મુંજા ત નઇં જ,
સચી ગાલ આય ન?
કાગડ઼ો ચેં... હો !
કાગડ઼ી ત વીફરે વઇ,
વિનો હેર ને હેર આંજો
DNA ટેસ્ટ કરાય અચો !!!

- કમલા ચંદન 'કપિલા' કચ્છડો કુછયો (કચ્છી કાવ્યસંગ્રહ)માંથી

કચ્છી લોકસાહિત્ય : 'પિરૂલી': ૩૨

# જોગી ડિઠો મૂં ઝુલંધો, વિઠો ધણી જે દ્વાર, જોગી દીઠો મેં ઝૂલતો, બેઠો ધણીને દ્વાર.

લેખક : શ્રી લાલજીભાઈ મેવાડા 'સ્વપ્ન' મો: 8320313731

આજે સોમવાર હોવાથી દુલાશેઠ ભીમનાથ મહાદેવના દર્શન કરવા આવ્યાં હતાં. તેમણે ગર્ભગૃહમાં દાખલ થતાં જ ઘંટનાદ કર્યા બાદ હાથ જોડી પ્રાર્થના કરી રહ્યાં હતા એટલે પચાણભાઇને પિરૂલી યાદ આવી ગઇ. એમણે સહેજ મુશ્કુરાતા કહ્યું સુણોઃ

[૧]જોગી [૨]ડિઠો [૩]મૂં ઝુલંધો, [૪]વિઠો ધણી જે દ્વાર,
અંતરમેં ઓમકારજો રોમરોમ રણકાર.
[૫]ભગત [૬]પેલા [૭]કરીં [૮]જોઆર, [૯]પોય [૧૦]મુજરો [૧૧]કરીં મહાદેવતેં.

> [૧]યોગી, [૨]જોયો, [૩]મેં, [૪]બેઠો, [૫]ભક્ત, [૬]પ્રથમ, [૭]કરે, [૮]વંદન કે નમસ્કાર, [૯]પછી, [૧૦]ધ્યાન કે આરાધના, [૧૧]કરે.

આ વાતનો પડઘો કાને પડતા મંદિરમાં પ્રાર્થના કરતા દુલાશેઠની તંદ્રા તુટી. પોઠિયા અને તેની નીચેના કાચબાને વંદન કરી એ પણ ઓટલે ચાલતી ર્ચાણમાં સામેલ થયાં. પચાણભાઇએ કહ્યું કે, 'આ પિરૂલી કવિ 'તેજ'ની છે.'

'કઇ પિરૂલી ?' દુલાશેઠે પ્રશ્ન કર્યો એટલે ઉપરોક્ત પિરૂલી પચાણભાઇએ ફરી સંભળાવી. વાતની અધવચ્ચે મમુએ કહ્યું, 'પણ ! ઇનજી ફોડ તાં કર્યો.' પચાણભાઇ આજે પિરૂલીની ફોડ કરવાના મૂડમાં ન હતા. તેમણે કહ્યું, 'આજે જવાબ તમારે શોધવાનો છે, રોજ હું પિરૂલી કહું ને હું જ તેનો ફોડ કરૂં ? તમે વિચારો અને જવાબ આપો.'

હવે બધાને વધારે રસ પડવા માંડ્યો. કોઇ જવાબ આપવા માટે માનસિક તૈયાર ન હતું. છેવટે પચાણભાઇએ કહ્યું, 'તો તમે સામે પિરૂલી આપો, જો મારાથી નહીં ભંગાય તો હું મારી પિરૂલીનો જવાબ કહીશ, અને જો ભાંગી નાખીશ તો તમારામાંથી અહીં બેઠેલાઓ બધાને ચા પીવડાવીશ.' પચાણભાઇ આજે રમતના મૂડમાં હતાં. બધાએ પણ હા, ભલેં... ભલેં...કહેતા સંમતિસૂચક સુર પુરાવ્યો એટલે સામતે કહ્યું: સુણો તડે...

કોં જાણા કિતરા હિતે, કનક કરેતો કેર ?
વનક કનકજી વાયડ઼ી, ચડ઼ે કનક સેં જેર.

દુલાશેઠને મઝા આવી ગઇ એ ઓટલાની કીનારી પર બેઠેલા બબા અને વાલાની વચ્ચે બેસવા વિચારી રહ્યાં હતાં કે આ વાતને પામી જતાં બંને થોડું ખસક્યા ને દુલાશેઠ ધોતિયું સરખું કરતાં ત્યાં ગોઠવાયા.

વાત શરત મુજબ ચા પીવડાવવાની હતી. અભેસંગ મનમાં હસું હસું થતાં મૂછ પર હાથ ફેરવી રહ્યા. સામતને થયું કે, 'અભેસંગ બંને પિરૂલીઓનો જવાબ જાણે છે.' એણે તેમને ઠામકું જ કહ્યું; 'બાપુ ! અઇં જ ફોડ કર્યો ન ! પ ચાય કેર પીરાઇંધો ?' અભેસંગે કહ્યું. બધા આ વાત પર હસ્યા.

દુલાશેઠે કહ્યું કે, 'આજે તમને બધાને મારા તરફથી ચા લ્યો.' બધાના હૈયામાં ખુશીની એક લહેર ફરી વળી. વાતનો અંત આવી ગયો એટલે પચાણભાઇએ અભેસંગને કહ્યું કે, 'બાપુ ! કરો ને ફોડ.'

અભેસંગે કહ્યું, 'તમે આપેલી પિરૂલીની તમે જ ફોડ કરો, હું સામતે આપેલી પિરૂલીની ફોડ કરીશ.'

એટલે પચાણભાઇએ કહ્યું કે, 'આ પિરૂલી કવિ 'તેજ'ની છે, અને તેનો પ્રકાર 'ડિઠોડ઼ી' છે. મંદિરમાં દર્શનાર્થે જતી કોઇપણ વ્યક્તિ દાખલ થતાં જ ઘંટ વગાડે છે પછી મૂર્તિના દર્શન કરે છે. આ દશ્યને કવિએ પિરૂલીમાં સારી રીતે તાદ્દશ કર્યું છે. અહીં દુલાશેઠ મંદિરમાં દાખલ થયા ને ઘંટનાદ કર્યો ત્યારે મને આ પિરૂલી યાદ આવી ગઇ. અહીં ઘંટને યોગી કહ્યો છે અને તે સદાય મંદિરમાં ઝૂલતો જણાય છે. તેમજ મંદિરને 'ધણી જે દ્વાર - ઇશ્વરનું ઘર' કહ્યું છે. પણ જે દર્શાનાર્થે જાય છે તે પ્રથમ ઘંટ વગાડે છે ત્યારે તેમાંથી નીકળતો રવાનુકારી રણકાર ઓમકાર જેવો ભાસે છે. કવિ કહે છે કે આમ ભક્ત પ્રથમ ઘંટને નમે (મળે) છે પછી મંદિરમાં બિરાજમાન મૂર્તિના દર્શન કરે છે. આ ક્રિયા કરતાં મેં જ્યારે દુલાશેઠનેં જોયા ત્યારે આ પિરૂલી યાદ આવી ગઇ.' દરેકની દષ્ટિ સમક્ષ દુલાશેઠે કરેલા ઘંટનાદનું એક દશ્ય અંકિત થઇ ગયું.

હવે અભેસંગ સામતે આપેલી પિરૂલીની ફોડ કરે તે સાંભળવા બધા ઉત્સુક હતાં. અભેસંગે કહ્યું, 'સામત, ખોલ કર !' 'ના બાપુ ! આં જેડ઼ો ફોડ઼ાવો મૂં વટા નં થીએ, અઇં જ સમજાયો.' સામતે કહ્યું એટલે અભેસંગે બોલ્યા, 'આ પિરૂલી અનેકાર્થી છે, અને તેમાં ઝડઝમક અલંકાર બહુ ખૂબીપૂર્વક વપરાયો છે. અહીં કનક એટલે સોનું અને કનક એટલે ધતૂરો કે તેનું વ્યસન. પ્રથમ પંક્તિમાં કનક શબ્દ ધન, દોલત તરીકે મૂક અર્થભાવના પેદા કરે છે. જ્યારે અન્ય અર્થમાં કનક એટલે ધતૂરો કે તેનો નશો-વ્યસન તરીકે વપરાયો છે. ઉભયાર્થમાં દોલત હાંસલ કરવા માટે કે વ્યસન કેવું હાની કરે છે તેનો ચિતાર રજૂ થયો છે, જ્યારે બીજી પંક્તિમાં 'વનક કનકજી વાયડ઼ી, ચડ઼ે કનક સેં જેર.' ચાખ્યા જેટલો નશો માનવજીવનને ઝેર કરી નાખે છે કારણ કે એકવાર તેનો સ્વાદ ચાખ્યા પછી વ્યક્તિ તેનો આદી બની જાય છે, અહીં એ અર્થ અભિપ્રેત થાય છે.

સૃષ્ટિ પરથી પ્રકાશ પોતાનો નાતો તોડી રહ્યો હતો. સદાય સાથે રહેતો પડછાયો પણ હવે પોતાનો ન રહ્યો હતો. દિવસ જાણે સૂરદાસ બની ગયો છે એવું ભાસતું હતું. ર્ચાણમાં બેઠેલા સહુ અહીંથી ઊઠવા તૈયાર ન હતાં પણ ! 'ર્ચાણ રસમેં જ વારણી' એ યુક્તિનુસાર આવતી કાલ જલદી આવવું એ આશા લઇ બધાએ ઘેર જવા પ્રયાણ કર્યું કે દેવગર બાવાજીએ મંદિરના જાળિયાં વાળ્યાં.

પુસ્તક 'પિરૂલી પ્રધાનજી-૨'માંથી સાભાર

## કચ્છી મુકતક

કવિ-'તેજ'

સંગ્રહમાંથી

કુછે જેડ઼ો રખ્યોં ન નેં
માઠ થીણું પેઓ !
'તેજ' ફૂલ જેડ઼ા હોવાસું નેં
કાઠ થીણું પેઓ !

## કચ્છી ચોવક – ૩૧

અરવીંદ રાજગોર (મોઃ ૯૯૮૭૯૬૫૭૯૮)



### ઘોડ઼ે જી ઓગઠ મેં ગોં નિભે.

અજ ડાડાજી કે પુતરા પુછ્યોં ડાડાજી હિકડ઼ે ઘોડ઼ે વારે કે માડુ ચેં તે "ઘોડ઼ે જી ઓગઠ મેં ગોં નિભે" ઇતરે કુરો?
ડાડાજી ચ્યોં ગોં ઇતરે ગાંય માડુ ચેં તે ઈ કચ્છી મેં ચૉવક આય. ઇનજો મતલભ આંકે ચાં સે સુણો.
જેં વટે ઘોડ઼ો વે ઇનકે ગોં લા કરે બ્યો ચરોચાર ગિને જી જરૂર નં પે. ઘોડ઼ે જી ઓગઠ ઇતરે ઘોડ઼ે લા જિકીં ચરોચાર ડાણ અચે ઈ ગોં કે પણ હલે ઇતરે ઘોડ઼ે ભરી ગોં પણ નિભે. ઇતરે કચ્છી મેં ચૉવક આય "ઘોડ઼ે જી ઓગઠ મેં ગોં નિભે".

## अज जी चोवक - ३२

जणींधलमें जोर न वे,
त सूइयाणी कुरो करे?

:: ભાવાર્થ ::

સુયાણી–દાયણ પ્રેરણા દે, સહાયક બને, પણ પ્રસૂતિ સુખરૂપ થાય એ માટે જોર તો પ્રસૂતાએ જ કરવું પડે. વ્યક્તિ પોતે નબળી હોય ને કામ બરોબર ન થાય એ માટે બીજાને કસૂરવાર ઠેરવે ત્યારે આ કહેવત પ્રયોજાય છે.

:: શબ્દાર્થ ::

जणींधल – જણનાર, પ્રસૂતા

–ઃ સંકલન ઃ–

ડૉ. વિશન નાગડા તથા લક્ષ્મીચંદ ગોગરી

અજ જી ચોવક – ૩૨
ડૉ. વિસન નાગડા
(મોઃ ૯૮૨૦૪૫૬૮૯૯)

## શું તમે જાણો છો ?

# ક્રિકેટમાં ચર્ચા જગાડનાર 'ચંપક'



ક્રિકેટમાં કંઈક અવનવું કરવાની દૃષ્ટિ સાથે બ્રોડકાસ્ટ ટેકનોલોજીમાં વૈશ્વિક અગ્રણી ***wTVision*** દ્વારા, ટેકનિકલ ભાગીદાર ઓમર્નીકિમ અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ **(BCCI)** ના સહયોગથી ૨૩ મી એપ્રિલના રોજ ઇન્ડિયન પ્રીમિયર લીગ **(IPL)** ૨૦૨૫ દરમ્યાન દિલ્હીના અરૂણ જેટલી સ્ટેડિયમ ખાતે મુંબઈ ઇન્ડિયન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મુકાબલા દરમિયાન એક નવા પ્રકારના રોબોટને કેમેરા સાથે મેદાન પર ઉતારવામાં આવ્યો. જેનો આકાર કૂતરા જેવો હતો એટલેકે એ એક રોબોટિક ડોગ કેમેરા જે હાઇ-ટેક ટેક્નોલોજી સાથે ટેલિવિઝન અને સ્ટેડિયમ બંનેમાં ક્રિકેટના રસિકો માટે નવા અનુભવને આકાર આપી રહેલ છે.

રમતની ગતિ સાથે રહીને ભાવનાત્મક સ્તરે ચાહકો સાથે જોડાવા માટે રચાયેલ કૂતરાનો આકાર ધરાવતો આ ચાર પગવાળો રોબોટ, ખેલાડીઓ, અમ્પાયરો અને દર્શકો સાથે વાર્તાલાપ કરી શકે છે, હાથ મિલાવવાની સાથે આનંદમાં કૂદકા મારી શકે છે.

આ કૂતરાનું નામ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ **(BCCI)** એ 'ચંપક' રાખ્યું. હવે આ 'ચંપક' ને ખરી પબ્લિસિટી ત્યારે મળી જ્યારે ૧૯૬૮ થી 'ચંપક' નામનું મેગેઝિન પ્રકાશિત કરતી દિલ્હીની કંપનીએ દિલ્હી હાઈકોર્ટમાં દાવો દાખલ કર્યો કે તેમના રજિસ્ટર્ડ ટ્રેડમાર્ક 'ચંપક' નામનો ઉપયોગ BCCI એ તેમની પરવાનગી વિના વ્યાપારી લાભ માટે કર્યો છે.

આમ ચંપક વિરુદ્ધ ચંપકનો કેસ શરૂ થયો છે. કોપીરાઈટ ઉલ્લંઘનના દાવા સામે બોર્ડના વકીલે કહ્યું કે 'ચંપક' નામ મેગેઝિનના નામ પરથી પડેલ નથી પરંતુ ચાહકો દ્વારા થયેલ ઓનલાઇન મતદાનના આધારે પસંદ કરવામાં આવેલ છે. ઉપરાંત ચાહકોએ આ નામ બાળકોના મેગેઝિનના કારણે નહીં પરંતુ લોકપ્રિય ટીવી સીરિઝ 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા'ના પાત્રને કારણે આપેલ છે.

હાલમાં તો 'ચંપક'ને કોઇ સ્ટે મળેલ નથી અને જજે કંપનીને તે નામનો બોર્ડ દ્વારા કઇ રીતે વાણિજ્યિક ઉપયોગ થઇ રહેલ છે તે સાબિત કરવા કહેલ છે. હવે હાઈકોર્ટ ૯ જુલાઈના રોજ ફરીથી કેસની સુનાવણી કરશે ત્યારે ખબર પડશે કે 'ચંપક' 'ચંપક' રહેશે કે તેનું અન્ય નામકરણ થશે !

(વિવિધ સમાચારો પરથી સંકલિત)




વડોદરાના કચ્છીઓનું સમાજ-દર્શન ને

અહીં ક્લિક કરો

નિયમિત રૂપે આપના મોબાઈલ પર મેળવવા ...


# જાણો અને અપનાવો ...

## ઉનાળામાં દહીં-ભાત ખાવાથી થતા લાભો

### જાણો નિષ્ણાતો પાસેથી પૂરી જાણકારી



ભારતમાં ઉનાળામાં ગરમી ચરમસીમા પર હોય છે, તાપમાન ૩૦° ને પાર થઇ જતું હોય છે. ઘણાં લોકો ડીહાઇડ્રેશનનો શિકાર બની જાય છે. આ ઋતુમાં સૌથી મોટી સમસ્યા ખોરાક અને પાચનને લગતી હોય છે. નિષ્ણાતના મત મુજબ જો તમે આ ઋતુમાં ડીહાઇડ્રેશન અને એનર્જીની કમી જેવી સમસ્યાઓથી બચવા ઇચ્છો છો તો ખૂબ પાણી તો પીઓ જ સાથે તમારા આહાર પર પણ ખાસ ધ્યાન આપો. તમારા આહારમાં એવી વસ્તુઓનો સમાવેશ કરો જે તમારા શરીરને ઠંડક આપે.

આવી સ્થિતિમાં, આ બધી સમસ્યાઓ ઘટાડવા માટે, તમે તમારા લંચમાં દહીં ભાતનું ***(Curd Rice)*** નો ઉમેરો કરી શકો છો. ઉનાળામાં દહીં ભાત શા માટે ખાવા જોઇએ અને તેના સ્વાસ્થ્ય માટે શું ફાયદા છે ? તેના વીષે થોડી જાણકારી મેળવીએ.

ઉનાળાની ઋતુમાં લંચમાં દહીં-ભાત ખાવા એ એક ઉત્તમ વિકલ્પ છે. દહીં સાથે ભાતનું કોમ્બીનેશન તમારું ડાયજેશન સુધારે છે. દરેક જણને જાણ જ હશે કે દહીંમાં લેક્ટોઝ અને પ્રોબાયોટીક્સ ભરપૂર માત્રામાં જોવા મળે છે જેને કારણે તમારા પાચનતંત્રને મજબૂતતા પ્રદાન થાય છે જે ઉનાળામાં થતાં પેટના તથા જઠરના રોગો સામે લાભકારક સાબિત થાય છે. એટલું જ નહીં પણ ઉનાળાના અંત આવતા આવતા આપણા દેશમાં શરૂ થતી ભેજવાળી ઋતુમાં તેનું સેવન કરવાથી બીજા અનેક લાભ પણ થાય છે.

દહીં ભાત ખાવાથી નીચેના ફાયદા થાય છે :-

- દહીં ભાતનું સેવન કરવાથી પાચનક્રિયા સુધરે છે અને તમને અપચાની સમસ્યા થતી નથી.
- દહીં ભાતનું સેવન તમારી લો ઇમ્યુનીટીને બુસ્ટ કરે છે અને તમારી સ્ટેમિના વધારે છે.
- મેટાબોલિઝમ વધારવા માટે તમારા આહારમાં દહીં ભાતનું સેવન કરવું શરૂ કરો.
- દહીં ભાત ખાવાથી ઇન્સ્ટન્ટ એનર્જી મળે છે અને તમે દિવસભર એનર્જીથી ભરપૂર રહો છો.
- દહીં ભાતનું સેવન કરવાથી તણાવ ઓછો થાય છે જેનાથી સારી ઊંઘ આવે છે.
- દહીં ભાતનું સેવન કરવાથી તમારું વજન સરળતાથી ઘટાડી શકાય છે.
- દહીં ભાતનું સેવન તમારા શરીરનું તાપમાન નિયંત્રિત કરે છે.

કેવી રીતે બનાવશો દહીં ભાત ?

પ્રોબાયોટિક લંચ તૈયાર કરવા માટે ઘરે જ ભાત બનાવો. તમે બજારમાંથી દહીં ખરીદી શકો છો, પરંતુ ઘરે બનાવેલું દહીં તમારા સ્વાસ્થ્ય માટે વધુ ફાયદાકારક છે. દહીંમાં સાથે સીંધવ મીઠું વાપરો અને તેને ભાત સાથે ખાવ. આને લીધે તમને ઇન્સ્ટન્ટ એનર્જી મળે છે.

જો તમે ખાવાપીવાના થોડાક શોખીન હશો તો દક્ષિણ ભારતમાં બનતા કર્ડ રાઈસ (દહીંવાળા ભાત) જે બપોરના કે રાતના ભોજનની સાથે પીરસવામાં આવે છે અને તેને ભાત અને દહીં સાથે અડદની દાળ, રાઇ, મરચાં, લીમડાના પાન વિગેરેથી વઘાર કરીને બનાવવામાં આવે છે. અ એક સંપૂર્ણ ખોરાક બની શકે છે જેને બહુ જ ઓછા સમયમાં અને ઝડપથી બનાવી શકાય છે. તેને તમે ફ્રિજમાં 'ચીલ્ડ' કરીને પણ માણી શકો છો.

# પુત્રીઓનું દહેજ

(લેખક - બિપીન પંચાલ, ઇન્ટરનેટ પરથી સાભાર)

સુનિતાએ તેની પ્લેટમાં બે પ્રકારના આઇસ્ક્રીમની મજા માણતા, તેના દિયર વિનોદને કહ્યું, 'પાર્ટી અને તે પણ ત્રીજી પુત્રી આવવાની ! કોણ આપે છે ? હવે દહેજના પૈસા એકત્ર કરવાનું શરૂ કરો.' દિયરના ઘરે ત્રીજી પુત્રી જન્મતા સુનિતાને તો જાણે કુટુંબમાં મોભી બનવાનો મોકો મળી ગયો હતો.

તેની ભાભીની પ્લેટ તરફ જોતા વિનોદે કહ્યું, 'હે ભાભી, તમે કેમ ચિંતા કરો છો ? ઘરમાં ખુશી આવી છે તો બધાની સાથે શેર તો કરવી પડેને ? અને પુત્રીઓ તેમનું પોતાનું નસીબ લઇને આવી છે.'

સુનિતા તેના દિયરની વાત સાંભળીને હસતી હતી, જ્યારે વાસ્તવિકતામાં તેનું હૃદય ખુશીથી ઝુમી રહ્યું હતું. તેના દિયરને ત્યાં ત્રીજી પુત્રીનો જન્મ થયો હતો, જ્યારે સુનિતાના બે પુત્રો હતા, એનું તેને ખૂબ અભિમાન હતું.

બધા મહેમાનો બેથી ત્રણ દિવસ રોકાયા. વિનોદ-રૂચી તેની પત્ની અને ત્રણ પુત્રી મનવી, અંકિતા અને ત્રીજી પ્રીતિ સાથે ખૂબ જ ખૂશ હતો.

સમય તો પોતાની ગતિએ દોડતો હોય છે. ત્રણે છોકરીઓ ખૂબ જ હોશીયાર હતી. અભ્યાસ તથા અન્ય પ્રવૃતિઓમાં હંમેશા આગળ રહેતી. તેઓ અભ્યાસની સાથે ઘરે પણ માને હંમેશા મદદ કરતી રહેતી. ઘરની દિવાલો આ ત્રણે દિકરીઓએ જીતેલા ચંદ્રકો અને ટ્રોફીઓથી ભરાતા જતા હતા. તેમના દ્વારા બનાવવામાં આવેલ સુંદર પેઇન્ટિંગ્સથી ઘરની દિવાલો શણગારેલી લાગતી. વિનોદ અને રુચીની ત્રણે પુત્રી જાણે વાતાવરણમાં કલરવ કરતી ગૂંજતી રહેતી હતી.

બીજી તરફ સુનિતા રૂચીને તે ત્રણ પુત્રીની માતા છે તે જતાવવાનો કોઇ પણ મોકો છોડતી નહીં. એના મેણાં-ટોણાં ચાલુ જ રહેતા. 'જોજે, ગમે તેટલા પુરસ્કારો જીતી જાય, આ છોકરીઓ માટે દહેજ ભેગું કરવાનું શરૂ કરી જ દેજે.'

રૂચી જ્યારે તેની જેઠાણીના શબ્દબાણથી ગભરાઇ જતી ત્યારે વિનોદ તેને સમજાવતો, 'જો, આપણી દિકરીઓ તેમનું નસીબ સાથે લઇને જ આવી છે. આપણે ફક્ત તેમને સાચી કેળવણી ને સંસ્કાર આપવાના છે પછી કોઇનાય પુત્ર કરતા આપણી આ ત્રણે પુત્રીઓ આપણને વધુ સુખ આપશે.'

જ્યારે કોઈ પૂછે છે કે, 'વિનોદભાઇ, ભાડાના મકાનમાં કેટલો સમય રહેશો ? તમારું પોતાનું ઘર બનાવવું નથી ?'

ત્યારે વિનોદ જવાબ વાળતો, 'જ્યારે મારી છોકરીઓ કંઇક બની જશે એટલે સમજો કે મારું મકાન પણ બની જશે. હમણાં તો મારે મારી છોકરીઓનું ભવિષ્ય બનાવવું છે.'

સમય તેની ગતિએ આગળ વધ્યો અને વિનોદની તપસ્યા રંગ લાવી. મનવીને બેંકમાં નોકરી મળી, અંકિતા સી.એ. કરીને નોકરીએ લાગી આવી અને પ્રીતિએ બેંગ્લોરની મોટી ફર્મ જોઇન કરી.

'મોટી મમ્મી, કાલે તમે મમ્મી-પપ્પાની લગ્નની વર્ષગાંઠ-એનીવર્સરીની એક નાનકડી પાર્ટી રાખી છે. તમે બધા સમય સમય પર પહોંચી આવજો.' મનવીએ તેની મોટી મમ્મી સુનીતાના પરિવારને પણ ફોન કરીને પાર્ટીનું આમંત્રણ આપ્યું.

બધી તૈયારીઓ ખૂબ જ ધ્યાનપૂર્વક ત્રણ બહેનો દ્વારા કરવામાં આવી હતી, શહેરની શ્રેષ્ઠ હોટેલમાં પાર્ટી હોલ બુક કરવામાં આવેલ. સારામાં સારી વાનગીઓનું ફૂડ મેનૂ કરવામાં આવેલ. મમ્મી-પપ્પા માટેની ભેટ દરેક માટે સરપ્રાઇઝ બનવાની હતી.

પાર્ટીની સવારે, પ્રીતિ પણ સવારે બેંગ્લોરથી આવી પહોંચી હતી અને પ્રિતી આવતાંની સાથે જ જાણે ઘરમાં રોનક આવી ગઇ હતી. તે સૌથી તેજ હતી.

'મમ્મી આ શું છે? આવા સફેદ વાળમાં તું પાર્ટીમાં આવીશ ?' પ્રીતિએ કહ્યું તો રૂચી હસી પડી અને કહ્યું, 'હવે મને કોણ જોવાનું છે ? હવે તો તમારા દિવસો છે. તમે ત્રણે સજીધજીને તૈયાર થઇ જજો.'

'નહીં... નહીં... આવું નહીં ચાલે હોં મમ્મી. ચાલ મારી સાથે પાર્લર જઇ આવીએ.' એમ કહી પ્રીતિ એને પાર્લર લઇ ગઇ. ગયા. પ્રીતિએ તેની મમ્મીને હલકા મેક-અપ અને સુંદર સાડીથી શણગારી દીધી. વિનોદ માટે એક ભવ્ય સુટ આવી ગયો હતો. સુટ જોઇ વિનોદની આંખોમાં નવી ચમક આવી ગઇ હતી. સમય થતાં બધા તૈયાર થઇ હોલ તરફ નીકળ્યા.

હોલ થોડા જ વખતમાં મહેમાનોથી ભરાઇ ગયો હતો. રૂચી અને વિનોદ બધાના અભિનંદન સ્વીકારતા હતા. બન્ને સમય થતાં સેન્ટર સ્ટેજ પર પહોંચ્યા અને બન્નેએ મળી કેક કાપ્યો.

દરેક જણ વિનોદ અને રૂચીના નસિબની અને ત્રણે દિકરીઓની ભરપૂર પ્રશંસા કરી રહ્યા હતા. સુનિતા પણ તેના પતિ અને બંને પુત્રો સાથે પાર્ટીમાં આવી હતી. સુનિતા આમેય પાર્ટીની ભવ્ય તૈયારીઓ જોયા પછી ઇર્ષ્યાથી ભરેલી હતી. આજે તેને સમજાયું હતું કે તેનો દિયરની પુત્રીઓ હોવા છતાં તેના બે-બે પુત્રો કરતા વધારે ગૌરવ આ છોકરીઓ તેમના માતાપિતાને આપી રહી છે. તેને દિકરાઓએ આવી ખુશી ક્યારેય આપી ન હતી કે ક્યારેય આપશે પણ નહીં એવું તેને લાગી રહ્યું હતું.

ત્યાં તો પ્રીતિએ માઇક પર જાહેરાત કરી... 'હેલો બધા જરાક ધ્યાન આપો. તમે બધા અમારા આમંત્રણને માન આપીને પધાર્યા છો તે બદલ ખૂબ ખૂબ આભાર. હવે સમય છે મમ્મી-પપ્પાને એક સરપ્રાઇઝ ગીફ્ટ આપવાનો છે. અમે ત્રણેય બહેનોએ અમારા મમ્મી-પપ્પાને આપ સહુના આશીર્વાદથી એક ગીફ્ટ આપી રહ્યા છીએ જે માટે આપણે બધાએ બહાર લોનમાં આવવાનું છે.'

'આ ગિફ્ટ શું છે ?' જ્યારે વિનોદે પ્રીતિને ધીરે ધીરે પૂછ્યું, ત્યારે મનવીએ કહ્યું, 'પપ્પા, તમે જ જાઓ અને તમારી જાતે જુઓ !' ત્રણ બહેનો આંખોમાં હસી રહી.

બધા મહેમાનો જિજ્ઞાસાથી બહાર આવ્યા. લોનમાં એક ચમચમાતી શણગારેલી નવી કાર ઊભી હતી. બધા મહેમાનો તાળીઓ પાડી તેમને વધાવવા લાગ્યા. 'વાહ ભાઇ વાહ, દિકરીઓહોય તો આવી !'

'પપ્પા, હવે તમારા સ્કૂટર જેવી મોજ તો નહીં મળે પણ અમે બધા એક સાથે સ્કૂટર પર હવે બેસી શકતા નથી, તેથી આજથી આની જ સવારી થશે.' બધા મહેમાનો અંકિતાની વાત સાંભળી હસી પડ્યા.

રૂચી અને વિનોદની આંખોમાં ખુશીના આંસુ હતા અને તે હૈયું ગર્વથી ઊંચું. બધાએ ખૂબ જ ઉત્સહાથી પાર્ટીનો આનંદ માણ્યો.

સુનિતા પણ અભિનંદન આપવા ગઇ. 'અભિનંદન દેવરજી ! પુત્રીઓએ નવી કાર અપાવી. આનાથી વધુ શું જોઇએ ?'

''એકદમ સત્ય વચન ભાભી. જ્યારે મને આવા બાળકો હોય ત્યારે મારે બીજું શું જોઇએ ? મેં કહ્યું જ હતું કે પુત્રીઓ અહીં પોતાનું નસીબ લઇને જ આવે છે. જુઓ અહીં તો આ ત્રણેય મારું પણ ભાગ્ય બદલી નાખ્યું છે. જુઓ ને મને કેવા સ્કૂટરમાંથી ઉપાડીને મને કારમાં મૂકી દીધો.'

તેના દિયરની વાત સાંભળતા સાંભળતા સુનિતા તેના પુત્રોને શોધવા નજર ફરાવતા ફરાવતા જોયું તો તેના નાલાયક જવાન પુત્રો આઇસ્ક્રીમના કાઉન્ટર પર મજા માણવામાં વ્યસ્ત હતા. આજે પુત્રોની માતા બનવાનો સુનિતાનો ઘમંડ ચકનાચૂર થઇ ગયો હતો. આજે એને સમજ પડી ગઇ હતી કે પુત્રીઓ પુત્ર કરતા ઓછી નથી હોતી. બસ સારા સંસ્કારો જ મળતા પુત્રીઓ એવા કાર્ય કરી શકે છે કે જે ઘણા પુત્રોવાળાના ભાગ્યમાં પણ નથી હોતા.

લઘુકથા

# યંત્ર

લેખક - માણેકલાલ પટેલ

ગોમતી અને એનો પતિ ગોવિંદ ટ્રેનમાંથી ઉતર્યાં અને બહાર નીકળવા માટે પગથિયાં ચડવાનું વિચારતાં હતાં, ત્યાંજ એમણે ઘણા લોકોને સરકીને જતાં જોયાં.

એમને નવાઈ લાગી. એ ગામડે રહેતાં હતાં. ખેતી કરી ગુજરાન ચલાવતાં હતાં. એમનો દીકરો અહીં નોકરી કરતો હતો. શહેરમાં પહેલી જ વાર આવેલાં. અહીં એમને બધું નવું નવું લાગતું હતું.

આ સરકીને જવાનું યંત્ર તો એમણે પહેલી વખત જોયું. ગોવિંદ અને ગોમતી અમુંઝાઈને એકબાજુ ઉભાં રહ્યાં.

પાછળ ઉભેલાં લોકો એમને જોઇને હસતાં હતાં અને કહેતાં હતા,'અરે,જલદી ચડો ! એમાં બીવાનું શું?'

ગોમતીથી અનાયાસ આંખો મીંચાઈ ગઈ. ગોવિંદ પણ કંઈક વિચારતો ઉભો હતો.

એ નાની હતી ત્યારનો એના કાને બાપુજીનો અવાજ સંભળાયો જાણે,'અરે, બેટા ! આ સમાર ઉપર ઉભી રહી જા !'અને પલવારમાં એણે આંખો ખોલી અને ગોવિંદનો હાથ પકડી લીધો. એ ચડી ગયાં.

સામે ઉતર્યાં ત્યારે કેટલાંક મજાકમાં બોલતાં પણ હતાં,'પહેલીવાર આ અક્સેલીટર જોયું હોય એટલે...!!'







➢ આપ્તજનોને શ્રદ્ધા-કુસુમ અર્પણ કરવા પાંચ પુસ્તિકાઓનો સુંદર સંગ્રહ.
➢ સદ્‌ગત - પરિવારના ફોટા, પરિવારજનોના નામો સાથેનું કાયમી સંભારણું.
➢ ઘર/ઑફિસમાં સાથે રાખી ભક્તિ-ચિંતન-મોટીવેશન માટે ઉપયોગી.

**ટોપ ક્વોલિટી ડીજીટલ કલર પ્રિન્ટીંગ, લેમીનેટેડ ટાઇટલ, કુરિયર ડીલીવરી, વાજબી ભાવ.**

**વધુ માહિતી માટે સંપર્ક : નવીન પટેલઃ 9377124582 (ALL INDIA DELIVERY)**

## હાર્દિક શુભેચ્છાઓ સહ

## રામજીભાઈ કેસરીયા

**MICROFINE PRODUCTS**

Mfg. of :
Bushes, Dowel Pins, Precision Components.
CNC Turned and Ground Shafts

*797, GIDC Industrial Estate, Makarpura, Vadodara - 390010. GUJ.*
*Email : microfineproducts@gmail.com, microfineproducts@yahoo.com*
*Mob: +91 85111 63773*

# કચ્છ માહિતી

વડોદરાના કચ્છીઓનું સમાજ-દર્શન

## ભારતભરમાંથી કચ્છમાં આવતી - જતી ટ્રેનોનું સંપૂર્ણ સમયપત્રક (સૌજન્યઃ કચ્છ જન જાગૃતિ અભિયાન)

| નંબર | ક્યાંથી | સમય | ક્યાં સુધી | સમય | વાર | ટ્રેનનું નામ - દિવસ | નંબર | ક્યાંથી | સમય | ક્યાં સુધી | સમય | વાર |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | **ભુજથી આવતી - જતી ટ્રેનો** | | | | | | |
| ૯૪૮૦૧ | અમદા. | ૧૭૩૦ | ભુજ | ૨૩૧૦ | ૧ થી ૬ | નમો ભારત રેપીડ રેલ-૧ | ૯૪૮૦૨ | ભુજ | ૦૫૦૫ | અમદા. | ૧૦૫૦ | ૨ થી ૭ |
| ૦૯૪૪૫ | રાજકોટ | ૧૪૩૦ | ભુજ | ૨૦૫૫ | રોજ | રાજકોટ ભુજ સ્પે.-૧ | ૦૯૪૪૬ | ભુજ | ૦૬૫૦ | રાજકોટ | ૧૩૧૫ | રોજ |
| ૨૦૯૨૭ | પાલનપુર | ૧૩૪૦ | ભુજ | ૨૦૦૫ | રોજ | ભુજ પાલનપુર-૧ | ૨૨૯૨૮ | ભુજ | ૧૧૦૦ | પાલનપુર | ૧૭૩૦ | રોજ |
| ૧૧૦૯૨ | પુના | ૨૦૧૦ | ભુજ | ૧૪૩૦ | ૨ | ભુજ પુના -૨ | ૧૧૦૯૧ | ભુજ | ૧૩૧૫ | પુના | ૦૭૩૫ | ૪ |
| ૨૨૮૩૦ | શાલીમાર | ૧૯૫૫ | ભુજ | ૧૪૪૫ | ૭ | ભુજ શાલીમાર -૩ | ૨૨૮૨૯ | ભુજ | ૧૫૧૦ | શાલીમાર | ૦૯૩૫ | ૩ |
| ૨૨૯૦૩ | બાંદ્રા | ૨૩૪૫ | ભુજ | ૧૨૫૦ | ૧,૪,૬ | ભુજ એ.સી.એક્સ.-૨ | ૨૨૯૦૪ | ભુજ | ૧૬૦૫ | બાંદ્રા | ૦૪૫૫ | ૨,૫,૭ |
| ૧૪૩૧૧ | બરેલી | ૦૬૩૫ | ભુજ | ૧૦૫૦ | ૩,૫,૬ | આલા હઝરત એક્સ.-૨ | ૧૪૩૧૨ | ભુજ | ૧૬૧૫ | બરેલી | ૨૦૩૫ | ૩,૪,૬ |
| ૨૦૯૮૪ | દિલ્હી સ. | ૧૫૦૦ | ભુજ | ૧૧૩૦ | ૪,૭ | રોહિલ્લા સુ.ફા. એક્સ.-૨ | ૨૦૯૮૩ | ભુજ | ૧૭૧૦ | દિલ્હી સ. | ૧૨૩૦ | ૩,૬ |
| ૧૨૯૬૫ | બાંદ્રા | ૧૨૪૫ | ભુજ | ૦૫૫૦ | ૩ | બાંદ્રા ભુજ સુ.ફા.-૨ | ૧૨૯૬૬ | ભુજ | ૧૮૦૦ | બાંદ્રા | ૧૧૧૫ | ૬ |
| ૧૨૯૫૯ | બાંદ્રા | ૧૬૪૫ | ભુજ | ૦૯૫૦ | ૭ | ભુજ બાંદ્રા એક્સ.-૨ | ૧૨૯૬૦ | ભુજ | ૧૮૦૦ | બાંદ્રા | ૧૧૧૫ | ૨ |
| ૧૪૩૨૧ | બરેલી | ૦૬૩૫ | ભુજ | ૦૮૫૦ | ૧,૨,૪,૬ | આલા હજરત એક્સ.-૨ | ૧૪૩૨૨ | ભુજ | ૧૮૧૫ | બરેલી | ૨૦૩૫ | ૧,૩,૫,૭ |
| ૨૨૯૫૫ | બાંદ્રા | ૧૭૪૫ | ભુજ | ૦૮૩૦ | રોજ | કચ્છ એક્ષ.-૨ | ૨૨૯૫૬ | ભુજ | ૨૦૧૫ | બાંદ્રા | ૧૧૪૫ | રોજ |
| ૨૦૯૦૭ | દાદર | ૧૫૧૫ | ભુજ | ૦૬૩૦ | રોજ | સયાજી નગરી એક્સ.-૨ | ૨૦૯૦૮ | ભુજ | ૨૨૩૫ | દાદર | ૧૩૫૦ | રોજ |
| | | | | | | **ગાંધીધામથી આવતી - જતી ટ્રેનો** | | | | | | |
| ૦૯૪૧૫ | બાંદ્રા | ૧૯૨૫ | ગાંધીધામ | ૦૮૪૦ | ૫ | ગાંધીધામ બાંદ્રા સુ.ફા.-૨ | ૦૯૪૧૬ | ગાંધીધામ | ૦૦૩૦ | બાંદ્રા | ૧૪૨૦ | ૫ |
| ૨૦૯૨૩ | તિરૂને. | ૦૮૧૦ | ગાંધીધામ | ૦૨૩૫ | ૫ | હમસફર એક્સ.-૩ | ૨૦૯૨૪ | ગાંધીધામ | ૦૪૪૦ | તિરૂને. | ૨૩૩૫ | ૨ |
| ૧૯૪૦૫ | પાલન. | ૧૩૧૦ | ગાંધીધામ | ૧૯૫૦ | રોજ | પાલન. ગાંધીધામ એક્સ.-૧ | ૧૯૪૦૬ | ગાંધીધામ | ૦૫૩૦ | પાલન. | ૧૨૨૦ | રોજ |
| ૧૬૫૦૬ | બેંગલુરુ | ૨૨૨૦ | ગાંધીધામ | ૧૦૫૫ | ૭ | ગાંધીધામ બેંગલુરુ એક્સ.-૩ | ૧૬૫૦૫ | ગાંધીધામ | ૦૯૨૦ | બેંગલુરુ | ૨૩૩૦ | ૩ |
| ૧૨૪૭૪ | કટરા | ૧૦૦૦ | ગાંધીધામ | ૧૭૩૦ | ૫ | સર્વોદય એક્સ.-૨ | ૧૨૪૭૩ | ગાંધીધામ | ૦૯૩૫ | કટરા | ૧૭૨૫ | ૧ |
| ૧૬૩૩૬ | નાગર. | ૧૪૪૫ | ગાંધીધામ | ૧૨૦૦ | ૩ | ગાંધીધામ નાગર.એક્સ.-૩ | ૧૬૩૩૫ | ગાંધીધામ | ૧૦૪૦ | નાગર. | ૦૬૧૫ | ૬ |
| ૨૨૯૭૪ | પુરી | ૧૧૧૫ | ગાંધીધામ | ૦૫૫૫ | ૭ | પુરી ગાંધીધામ સુ.ફા.-૩ | ૨૨૯૭૩ | ગાંધીધામ | ૧૩૪૫ | પુરી | ૦૮૦૫ | ૪ |
| ૧૫૬૬૮ | કામખ્યા | ૧૧૦૦ | ગાંધીધામ | ૨૧૨૦ | ૪ | કામખ્યા એક્સ.-૩ | ૧૫૬૬૭ | ગાંધીધામ | ૧૪૦૫ | કામખ્યા | ૦૫૩૦ | ૭ |
| ૦૯૪૫૨ | ભાગલ. | ૦૫૦૦ | ગાંધીધામ | ૦૮૦૦ | ૨ | ગાંધીધામ ભાગલ. સ્પે.-૩ | ૦૯૪૫૧ | ગાંધીધામ | ૧૭૪૦ | ભાગલ. | ૨૦૧૫ | ૬ |
| ૧૨૯૩૮ | હાવરા | ૨૩૦૦ | ગાંધીધામ | ૧૪૧૫ | ૨ | ગરબા એક્સ.-૩ | ૧૨૯૩૭ | ગાંધીધામ | ૧૮૨૦ | હાવરા | ૧૨૧૫ | ૭ |
| ૨૦૯૩૬ | ઈન્દોર | ૨૩૩૦ | ગાંધીધામ | ૧૪૦૫ | ૧ | ઈન્દોર ગાંધીધામ સુ.ફા.-૨ | ૨૦૯૩૫ | ગાંધીધામ | ૧૮૨૫ | ઈન્દોર | ૦૮૫૫ | ૨ |
| ૨૨૯૫૧ | બાંદ્રા | ૧૪૪૦ | ગાંધીધામ | ૦૫૫૫ | ૬ | ગાંધીધામ બાંદ્રા સુ.ફા.-૨ | ૨૨૯૫૨ | ગાંધીધામ | ૨૧૦૦ | બાંદ્રા | ૧૨૦૦ | ૫ |
| ૨૦૮૦૩ | વિશાખા. | ૧૭૩૦ | ગાંધીધામ | ૦૬૧૫ | ૭ | વિશાખા. ગાંધીધામ-૩ | ૨૦૮૦૪ | ગાંધીધામ | ૨૩૦૫ | વિશાખા. | ૧૦૧૦ | ૧ |
| ૧૨૯૯૪ | પુરી | ૨૦૦૦ | ગાંધીધામ | ૧૧૨૫ | ૨ | ગાંધીધામ પુરી સુ.ફા.-૩ | ૧૨૯૯૩ | ગાંધીધામ | ૨૩૦૫ | પુરી | ૧૪૨૫ | ૬ |
| ૨૨૪૮૩ | જોધપુર | ૨૦૫૦ | ગાંધીધામ | ૦૬૦૫ | રોજ | જોધપુર ગાંધીધામ એક્સ.-૨ | ૨૨૪૮૪ | ગાંધીધામ | ૨૩૫૫ | જોધપુર | ૦૯૪૫ | રોજ |

### ટાઈમ-ટેબલની સમજ

દરેક વારને નંબર આપેલ છે. જે તે દિવસે ટ્રેન આવશે કે ઉપડશે તેમ સમજવું. :- ૧=રવિ, ૨=સોમ, ૩=મંગળ, ૪=બુધ, ૫=ગુરૂ, ૬=શુક્ર, ૭=શનિ.

કેટલાક સ્ટેશનો નામ ટુંકાવીને લખવામાં આવેલ છે જે નીચે મુજબ સમજવાઃ- અમદા.=અમદાવાદ, પાલન.=પાલનપુર, દિલ્હી સ.=દિલ્હી સરાય, શાલી.=શાલીમાર, નાગર.=નાગરકોઈલ, ભાગલ.=ભાગલપુર, વિશાખા.=વિશાખાપટ્ટનમ.

વચ્ચેના ભાગે દરેક ટ્રેનના નામની સાથે મુસાફરી કેટલા દિવસની છે તે દર્શાવેલ છે.

સમય ૨૪ કલાકના ફોર્મેટમાં છે. દા. ત. ૧૫૦૦ એટલે બપોરના ૩ કલાકે એમ સમજવું.

આ ટાઈમ ટેબલની માહિતી બધાને માર્ગદર્શન આપવા માટે છે તેની ચોકસાઈ કરવા રેલ્વેની વેબસાઈટ www.irctc.co.in નો ઉપયોગ કરવો. પ્રવાસ દરમ્યાન શિસ્ત પાળો, સ્વચ્છતાના નિયમોનું પાલન કરો. મોબાઈલ વાપરતી વખતે અન્યોની સુવિધાને ધ્યાનમાં રાખી હેડફોન / ઈયરફોનનો ઉપયોગ કરવો. રેલ્વે અંતર્ગત વિશેષ માહિતી મેળવવા, સૂચન કે ફરિયાદ કરવા ૧૩૯ પર ૨૪ કલાક સંપર્ક કરી શકાય છે.

‘કચ્છ જન જાગૃતિ અભિયાન સ્મિત’ હેલ્પલાઈન નંબર :- રેલ્વેમાં મુસાફરી દરમ્યાન કોઈપણ ઈમરજન્સી માટે. ફોન કોલ નહીં ! ફક્ત વોટ્સઅપ અથવા એસએમએસ કરો આ નંબર પર : ૯૩૨૪૩૩૦૩૩૦